
# પ્યાસથી પરબ સુધી...

ગઝલ સંગ્રહ

‘મહેક’ ટંકારવી






*'મહેક' ટંકારવી* *ડૉ જગદીશ દવે*

બોલ્ટન મુસ્લિમ ગર્લ્સ સ્કૂલના વિશાળ હોલમાં ૨૪મી ઓગષ્ટ ૨૦૦૪ના રોજ યોજાયેલા રાષ્ટ્રીય ગુજરાતી મુશાયરા નિમિત્તે 'મહેક' ટંકારવીને તકતી અર્પણ કરતા ગુજરાતી ભાષાના પાઠય પુસ્તકોના સંપાદક અને ભાષાની જાળવણી માટે સતત પ્રયત્નશીલ લંડન નિવાસી ડૉ જગદીશ દવે સાહેબ

## ગઝલકાર 'મહેક' ટંકારવી ને...

બ્રિટનમાં ગુજરાતી ગઝલ અને મુશાયરાઓનો આરંભ ૧૯૬૬માં 'મહેક' ટંકારવીના બ્રિટન આગમન સાથે થયો એ એક ઐતિહાસિક તથ્ય છે. ત્યારથી આજપર્યંત અનેક મુશાયરાઓનું આયોજન કરી, નવોદિત ગઝલકારોને પ્રેરણા અને માર્ગદર્શન પૂરું પાડતા રહી ગુજરાતી ભાષા અને ગઝલને તેમણે અહીં જીવંત રાખી છે. મુશાયરાઓમાં સૂફી રંગની ગઝલોને સુંદર તરન્નુમથી રજૂ કરી તેમણે હંમેશાં શ્રોતાઓની વાહ વાહ મેળવી છે. ગુજરાતી રાઈટર્સ ગિલ્ડ, યુ.કે.ના સ્થાપક અને સુકાની એવા 'મહેક' ટંકારવીની અવિરત સેવાઓને અમે બિરદાવીએ છીએ અને તેની કદરરૂપે આ તકતી અર્પણ કરતાં અમને ખૂબ આનંદ થાય છે.

**ગુજરાતી રાઈટર્સ ગિલ્ડ, યુ.કે.**

# પ્યાસથી પરબ સુધી...

*બ્હાર કાઢી પાંચ પંદરને ‘મહેક’*
*આપણે અંદરથી ખાલી થઈ ગયા*


## ‘મહેક’ ટંકારવી

'**Pyas thi parab sudhi,** a collection of Gujarati poems by Yacoob 'Mahek' ('Mahek' Tankarvi), 2006

કવિના ગઝલ સંગ્રહો:




પ્યાસ
૧૯૭૨



તલાશ
૧૯૮૦




પ્યાસથી પરબ સુધી...
૨૦૦૬

સંપર્ક અને પ્રાપ્તિ સ્થાન: Mahek Tankarvi
50 Seymour Road
BOLTON
UK
BL1 8PT

Tel & Fax: +44 1204 591709
E-mail: ghazals@mahek.co.uk
Website: www.mahek.co.uk

ટાઈપસૅટિંગ અને લેઆઉટ ડિઝાઈન: Mahek Translation Service
Bolton, UK

મુદ્રક:

# અ ર્પ ણ

ગુજરાતી રાઈટર્સ ગિલ્ડ, યુ.કે. દ્વારા આરંભાયેલી ગઝલ-યાત્રાના આરંભથી અત્યાર સુધીના મારા ***તમામ સાથી કવિમિત્રોને***

મારી ગઝલોને જેમણે હંમેશાં રસપૂર્વક સાંભળી છે, દાદ આપી છે અને જેઓ મારા નવા ગઝલસંગ્રહ માટે પ્રેમપૂર્વક માંગણી-ઉઘરાણી કરતા રહ્યા છે તેવા મારા ગઝલફહેમ અને ગઝલચાહક સર્વે

***શ્રોતામિત્રોને***

સસ્નેહ...

સ્વને પિછાણવા મથતા
આત્મશુદ્ધિ અને આત્મવિકાસ માટે મહેનતો કરતા
તૃપ્તિ હાસિલ કરવા ભક્તિ અને પ્રેમમાર્ગ પર ચાલતા રહેતા
દુનિયાની વચ્ચોવચ પણ દુનિયાથી છેડો ફાડી બેઠેલા
***સૂફીપંથના સત્યશોધકોને***
આદરપૂર્વક...

ચાર વર્ષની નાની વયે
ગુજરાતી સમજતા
ગુજરાતી બોલતા
દાદાની ગઝલોના શેર મોઢે કરી દાદાની નકલ ઉતારતા
***પૌત્ર રયહાનને***
વહાલપૂર્વક...

# બ્રિટનમાં ગુજરાતી ગઝલ:
## ઈતિહાસનું એક પાનું... ૯ જુલાઈ ૧૯૭૩

### ઈંગ્લેન્ડની હવામાં ગુજરાત કેરી ખુશ્બૂ
*□ શેખાદમ આબુવાલા*

લેંકેશાયરમાં અડધું ભરૂચ વસેલું છે. અબ્દુલ્લાહ કમાલ પટેલ (તખલ્લુસ: કદમ), ભરૂચ તાલુકાના ટંકારીઆના વતની, વરસોથી પ્રૅસ્ટનમાં વસેલા છે. બોતેર ન્યુ હોલ લેનમાં એમની ઓફિસ (આર. કે. ટ્રાવેલ્સ) આવેલી છે. આ ઓફિસ તમને કેવળ ભારત મોકલતી નથી, ભારતને તે ઓફિસમાં ય લઈ આવે છે.

ઓફિસના માળે ગાદલાં પથરાયેલાં છે. તકિયા પણ. જેટલા ભાઈઓ ત્યાં એકઠા થયા છે તેમાં એંસી ટકા કવિઓ છે - વીસ ટકા રસિકો. કોઈ ઓફિસમાં કારકુન છે, કોઈ મિલમાં મજૂર. બપોરથી શરૂ થયેલી મહેફિલ રાતના એક સુધી ચાલી. ચાલી જ નહીં, જામી પણ.

*ગુનાહો છે, ખતાઓ છે ને હું છું*
*ખુદા તારી કૃપાઓ છે ને હું છું*

*વમળથી બચાવીને લાવી કિનારે*
*ડુબાડી ન દેજે મને તારનારા*

આ શેરોના કવિ કદમે આ કવિ સભા યોજી છે.

*કેવી હતી એ પ્યાસ ન પૂછો 'મહેક'ને*
*ભીનાશ પણ રહી નથી એકેય જામમાં*

આ શેરના કવિ 'મહેક' ટંકારવી ('પ્યાસ'ના કવિ) પણ સભામાં હાજર છે.

હું સભાના મહેમાન તરીકે કાવ્યો (ઉર્દૂ, હિંદી અને ગુજરાતી) સંભળાવું છું - અને હાજર રહેલા કવિ બંધુઓનાં કાવ્યો સાંભળું છું. તરન્નુમ ગૂંજે છે. શબ્દોની ફૂલઝડીઓ છૂટે છે. ગુજરાતના કવિઓ (નવોદિત અને ઉદિત) લેંકેશાયરની હવામાં ગુજરાતની 'મહેક' ભરી રહ્યા છે. કવિએ ગુજરાત છોડ્યું છે, પણ ગુજરાતે એને છોડ્યો નથી. લેંકેશાયરમાં ગુજરાતી ધબકારા સંભળાય છે - ગુજરાતથી દૂર ગુજરાત જીવી રહ્યું છે.

આ સાથે એક ઐતિહાસિક બનાવ પણ બને છે. ગુજરાતી રાઈટર્સ ગિલ્ડ, યુ.કે. ની સ્થાપના પણ થાય છે. ગુજરાતી સાહિત્યના પ્રસાર અને પ્રચાર માટે.

❖ ❖ ❖

# બ્રિટનમાં ગુજરાતી ગઝલ: પા પા પગલીથી પગભરતા સુધી...

*□ 'મહેક' ટંકારવી*

<u>૧૯૬૬</u>માં... 'મહેક' ટંકારવીનું બ્રિટન આગમન થયું... તેમની સાથે રૂમઝૂમ કરતી આવી ગઝલ કુમારી.

**'મહેક'**ની પ્યાસ અને તલાશ
મર્હૂમ **સાકી**ની જામો મીના મયકશી
**કદમ**ની ભાષા પ્રીતિ અને સર્જક પ્રતિભા
**સૂફી**ની તળપદી ભાષા અને રમુજ ઉપજાવવાની કળા
**સિરાજ**ની મરહૂમ 'બેકાર' રાંદેરીની યાદ અપાવે એવી રણકતી, છટાદાર રજૂઆત

પ્રથમ આ પંચતત્વોનું સંયોજન થયું અને ત્યાર પછી લેંકેશાયરમાં આરંભાઇ ગઝલ પ્રવૃત્તિ.

પછી ધીરે ધીરે ગઝલ લેખન, વાચન અને પઠનની માસિક બેઠકો શરૂ થઇ.

<u>૧૯૭૩</u>માં... શેખાદમની પ્રેરણાથી "ગુજરાતી સાહિત્યકાર મંડળ"નું "ગુજરાતી રાઇટર્સ ગિલ્ડ, યુ.કે."માં રૂપાંતર થયું.

**ત્યાર બાદ:**

**નાહિદ રાંદેરી** "નયનોની કમાનોથી જો તીર નીકળશે" જેવી ગઝલોની નજાકત લઇને આવે છે;
**પ્રેમી દયાદરવી** પ્રેમની મીઠી મીઠી વાતો અને સ્નેહીજનોની શિકાયતો લઇને પ્રવેશે છે;
**બાબર બંબુસરી** ત્રાડ નાંખતા, ગર્જના કરતા અંદર ઘૂસે છે;
**જિગર નબીપુરી** શાયરી કરવા જિગરના ખૂનનો રંગ ગઝલોમાં ઘૂંટે છે;
**સાગર મનુબરી** ભીતરમાં ઘસતો દર્દોનો સાગર લઇને ગઝલ સુંદરીને ભીંજવી દે છે;
**મૌન ઝંઘારવી**નું રહસ્યમય મૌન અને એ મૌનના પડઘા એમાં ઝીલાય છે;
**પથિક સિતપોણવી**નો કોલાહલી પગરવ સંભળાય છે;
**ગુલ આલીપોરી**નાં 'તડપે છે જિગર મારું ને બેચેન મારાં કવન કવન' ગઝલઉપવનમાં દર્દીલા અવાજે ગૂંજતાં થાય છે;
વિકલાંગ **મજબૂર કુકલિયા** ની જીવન મજબૂરી અને **શારદા ડાભી** ની શીતળ ઝરણની શોધ એમાં ઉમેરાય છે...

આગળ જતાં ગઝલયાત્રામાં જોડાય છે **ખેન સુરતી, બળવંત શર્મા "બાળક", અબ્દુલઅઝીઝ ઝુમલા, હારૂન કોઠીકર** અને બાટલી, યોર્કશાયરના **મરહૂમ મુલ્લાં મનમોજી, શબ્બીર કાઝી, માસુમ કરોલિયા, સેવક આલીપોરી, હસન ગોરા ડાભેલી, ઇસ્માઇલ દાજી 'અનીસ'**: આ રીતે ગઝલ ઉપવનમાં અનેક બુલબુલો ગાતાં થાય છે... ગાય છે, જેવું આવડે તેવું ગાય છે અને ઉપવનને પોતાનાં ગીતોથી ગુંજતું કરી દે છે. તેમને બધાંને યોગ્ય પ્રોત્સાહન મળતું રહે છે અને મળવું જ જોઇએ કેમકે અમેરિકન કવિ અને વાર્તાકાર **Henry Van Dyke** ના શબ્દોમાં:

***"Use what talents you possess - the woods would be very silent if no birds sang there except those that sang best."***

આ રીતે શરૂ થયેલી ગઝલ પ્રવૃત્તિને પ્રસંગોપાત યોજાતા મુશાયરાઓથી વેગ મળે છે, નવા નવા કવિઓ ભાગ લેવા દોડી આવે છે. મુશાયરાઓની રમઝટ જામે છે. સીધી, સરળ બોલચાલની ભાષામાં લખાયેલી ગઝલો રજુ થતી રહે છે, શ્રોતાઓમાં રસ જાગે છે, મુશાયરાઓમાં નવા નવા કવિઓ ઉમેરાય છે, શ્રોતાઓની સંખ્યા વધતી જાય છે કેમકે ગઝલો હઝલોમાં તેમની જ વાત થાય છે, તેમનું જ દર્દ ગવાય છે, તેમને ખૂબ મજા આવે છે. તેમની બંધ ઊર્મિઓનું અહીંયાં જાણે ઢાંકણ ખૂલી જાય છે... તેઓ નિરાંત અનુભવે છે...

કવિતા જ્યારે માત્ર કવિઓ અને વિવેચકો વચ્ચેનો વહેવાર બની જાય છે ત્યારે એ સિમિત બની જાય છે અને એની અવગણના શરૂ થાય છે. કહેવાય છે કે: ***Most people ignore most poetry because most poetry ignore most people***. પણ સદ્‌ભાગ્યે ગઝલની બાબતમાં આવું નથી. ગઝલ તો લોકપ્રિય છે, લોકભોગ્ય છે, કેમકે એમાં જે 'ગમે જાનાં' કે 'ગમે દોરાં' બયાન થાય છે તેમાં "જો સુનતા હૈ ઉસી કી દાસ્તાં માલુમ હોતી હૈ..."

એક પછી એક 'ગિલ્ડ'ના કવિઓના ગઝલસંગ્રહો છપાતા જાય છે... અહીં તહીંથી પૈસા કે ઝાઝા પુરસ્કારની લાલચ વિના આ નિર્દોષ પ્રવૃત્તિ દિવસે દિવસે વિસ્તરે છે...

લૅંકેશાયરની સરહદો ઓળંગી ગઝલ યોર્કશાયરમાં પહોંચે છે જ્યાં બાટલીમાં ગઝલકાર અહમદ "ગુલ" અને સાથી કવિમિત્રો 'ગુજરાતી રાઈટર્સ સર્કલ, બાટલી'ની સ્થાપના કરે છે... લંડનમાં વિપુલ કલ્યાણી 'ગુજરાતી સાહિત્ય અકાદમી' લઈને ગુજરાતી ભાષા અને સંસ્કૃતિના પ્રચાર પ્રસાર અને જાળવણી માટે પ્રવૃત્તિ આદરે છે અને આજપર્યંત બરાબર ધૂણી ધખાવીને બેઠા છે... બર્મિંગ્હમ, લેસ્ટર, બ્લૅકબર્ન વગેરે સ્થળોએ સાહિત્યક સંસ્થાઓ રચાય છે...

જાણીતા પત્રકાર, ગઝલકાર જનાબ **દીપક બારડોલીકર** સાહેબ તો અહીંયાં હતા જ.

<u>**૧૯૯૧**</u>માં... કવિ પંકજ વોરાના શબ્દોમાં ગઝલના 'ધોરી ને ધુરંધર' **અદમ ટંકારવીનું** ભારતથી અહીં આગમન થાય છે... ત્યાર બાદ અમેરિકાથી સુપ્રસિદ્ધ ગઝલકાર જનાબ **આદિલ મન્સૂરી** અને ભારતથી કેટલાક નામી અનામી કવિઓની આમદોરફત ચાલુ થાય છે જે હજી પણ ચાલુ જ છે... નવી પ્રેરણા ઉમેરાય છે... મહેફિલો યોજાય છે... ઠેર ઠેર મુશાયરાઓની રંગત જામે છે... ગુજરાતી લખાય છે, ગુજરાતી બોલાય છે, ગુજરાતી વંચાય છે, ગુજરાતી સમજાય છે, ગુજરાતીમાં ગુજરાતીની વાહ વાહ થાય છે.

<u>**૧૯૭૩**</u>માં... એની સ્થાપના થઈ ત્યારથી આજ પર્યંત 'ગુજરાતી રાઈટર્સ ગિલ્ડ, યુ.કે.'એ બ્રિટનના વિવિધ ટાઉનો અને શહેરોમાં ૭૨ જેટલા જાહેર મુશાયરાઓનું આયોજન કર્યું છે અને બીજા સંખ્યાબંધ મુશાયરાઓમાં ભાગ લીધો છે. મુશાયરા પ્રવૃત્તિ કેન્દ્રસ્થાને રહી છે જે દ્વારા ઘણાં બધા કવિઓને પ્રોત્સાહન મળતું રહ્યું છે અને એ રીતે અહીં બ્રિટનમાં, અને ખાસ કરીને નોર્થ

ઈંગ્લેન્ડમાં ગુજરાતી ભાષા, ગુજરાતી સાહિત્ય અને ગુજરાતી સંસ્કૃતિને અત્યાર સુધી જીવંત રાખવાનું કંઈક અંશે શકય બન્યું છે.

"ગુજરાત ટુડે" દૈનિકના તંત્રી અને જાણીતા વાર્તાકાર, ગઝલકાર 'અઝીઝ ટંકારવી'ના શબ્દોમાં: "દરેક પ્રજાને એના મૂળ **(Root)** સુધી પહોંચવા માટે ભાષા એ પ્રબળ માધ્યમ છે. જ્યાં સુધી એની પોતાની ભાષા પ્રત્યેની મમત અકબંધ રહે છે ત્યાં સુધી એ પ્રજા તેના મૂળથી કદી વિખૂટી ન પડી શકે."

ભાષા અને તેની જાળવણી થકી મૂળ સાથે જોડાયેલા રહેવાની ઈચ્છા તો અહીં સૌને ખરી, પણ અંગ્રેજીના વર્ચસ્વવાળા અહીંના માહોલમાં અત્યારની નવી પેઢી અને ત્યાર પછી આવનાર પેઢીઓમાં ગુજરાતી ભાષાને કઇ રીતે ટકાવી રાખવી એ ચર્ચાનો અને સાથે સાથે ચિંતાનો વિષય પણ છે. આ વિષે ભાષા પરિષદોમાં ચર્ચાઓ તો થતી રહે છે પણ જોઈએ તેવું અને તેટલું ઠોસ કામ થતું જોવામાં આવતું નથી. સ્વ-ભાષા પ્રત્યે લોકોને રસ લેતા કરવા એ કામ દિવસે દિવસે અહીં મુશ્કેલ બનતું જાય છે એમાં કદાચ બે મત નથી.

અહીં ઉત્તર ઈંગ્લૅન્ડમાં તો મુશાયરાઓના માધ્યમથી લોકોમાં અત્યાર સુધી તો ભાષા પ્રત્યે સારો એવો રસ ટકાવી શકયા છીએ. મુશાયરાઓમાં હજી પણ ખાસા લોકો ભેગા થઈ જાય છે, કવિઓને ભરપૂર દાદ આપે છે અને ગઝલ મહેફિલોની મોજ માણે છે. શહેરોમાં આ કામ થોડુંક મુશ્કેલ હોય એમ જણાય છે. ગુજ**lish** (ગુજરાતી-અંગ્રેજી મિશ્રિત) ગઝલો દ્વારા કે અંગ્રેજી ભાષાંતરવાળી ગઝલો દ્વારા યુવાન પેઢીને આકર્ષવાના પ્રયત્નો તો કરવામાં આવે છે તેમ છતાં ગુજરાતી ભાષી ગઝલ સુંદરી કયાં સુધી પોતાનું આકર્ષણ જમાવી રાખી શકે છે એ જોવું રહ્યું.

અહીંની ટીચર ટ્રેનિંગ એજન્સી દ્વારા તાજેતરમાં કરવામાં આવેલા એક અભ્યાસમાં એવું જણાયું છે કે ***GCSE*** પરીક્ષાના વિદ્યાર્થીઓમાં ઉર્દૂની પરીક્ષા આપતા વિદ્યાર્થીઓની સંખ્યામાં છેલ્લાં દસ વર્ષોમાં ૧૫ ટકા જેટલો વધારો થયો છે. એજ પ્રમાણે અરબી માં ત્રણ ગણો અને બંગાલીમાં પાંચ ટકાનો વધારો નોંધાયો છે, જ્યારે ગુજરાતીમાં ૧૭ ટકાનો *ઘટાડો* થયો છે.

ઘણી બધી સ્વતંત્ર સ્કૂલોમાં એ વિષયની માંગ ઘટી જવાથી હવે ધીરે ધીરે ગુજરાતીને જાકારો આપવામાં આવી રહ્યો છે. ગુજરાતી ગુજ**lish**માં રૂપાંતર થઈને પણ લાંબો સમય ટકી રહે એવા ચિહ્નો અત્યારે તો જણાતાં નથી. આવા સંજોગોમાં આપણા સૌની, અહીંની બધીજ ગુજરાતી સાહિત્યિક સંસ્થાઓની, ગુજરાતી સામયિકો અને ગુજરાતી સમાજોની એક થઈને આ સમસ્યાના ઉકેલ માટે મહેનત કરવાની ફરજ બને છે. જેનાથી જે ક્ષેત્રમાં સારું કામ થઇ શકે એમ હોય તે ક્ષેત્રમાં કામ કરતા રહેવું જોઇએ. મુશાયરાઓ કે કવિ દરબારો દ્વારા, સાહિત્યના મેળાઓ કે પરિષદો દ્વારા, ગરવી ગુજરાત, ગુજરાત સમાચાર, ઑપિનિયન કે બાટલીથી પ્રસિદ્ધ થતાં આવાઝ, પયગામ જેવાં ગુજરાતી સામયિકો દ્વારા, જે જે રીતે પણ બને એ રીતે ગુજરાતી ભાષાની સેવા કરવાનું આપણે ચાલુ રાખવું જોઈએ. વાડાબંધી ન પરવડે, હરીફાઇ ન ચાલે, અદેખાઇની ખાઈમાં ન પડાય, આયોજન, સહકાર, સંકલન, સંયોજન હશે તો આપણી ગુજરાતી ભાષાને આપણે હજી થોડાંક વધુ વર્ષો અહીં જીવંત રાખી શકીશું. આ એક પડકાર છે. એ પડકારને ઉપાડવાની આપણા સૌની તૈયારી છે ખરી?

# ધૂની માંડલિયા (શાયર-પત્રકાર) તેમના એક પત્રમાં લખે છે:

આદરણીય કવિ શ્રી 'મહેક' ટંકારવીજી, સાદર પ્રાણમ.

ફેબ્રુ-માર્ચ: 'કાવ્યસૃષ્ટિ': અંક - ૬ ઈંગ્લેન્ડ-અમેરિકામાં વસતા ગુજરાતી કવિ-સ્નેહીજનો સાથે મીઠી ગોઠડી કરાવનાર બન્યો છે. એ માટે મેગેઝીન: 'કાવ્યસૃષ્ટિ'ના તંત્રી શ્રી વિરાણીને અભિનંદન ઘટે. આ જ મેગેઝીનના ઘણું કરીને પ્રથમ અંકમાં તસવીર સાથે મારી ગઝલ ભાઈ શ્રી વિરાણીએ પ્રસિદ્ધ કરી છે. ત્યારે હું જેટલો આનંદિત થયો ન હતો એટલો અધિક આનંદિત આપ સહુની ગઝલો-કવિતા વાંચતા થયો છું. આ આનંદ જ આ પત્ર લખવા મને પ્રવૃત્ત કરે છે. વિદેશમાં રહેતા કોઈને પણ લખાતો આ મારો પ્રથમ પત્ર છે.

આપનું નામ મારા માટે સાવ જ અજાણ્યું નથી. કયાંક કાન પર આવ્યું છે, કયારેક આંખ પર છવાયું છે.

આપ સહુ કવિઓની કવિતામાંથી પસાર થતાં હું એવી અનુભૂતિએ પહોંચ્યો છું કે કાળ પણ જેને કરમાવી ન શકે તે જ કવિતાનું સાચું પુષ્પ. આમ પણ કવિને દેશ-કાળના સીમાડા નડતા નથી. કવિની વાણી તો પૃથકને એક કરે છે.

એક શાયરની હેસિયતથી હું ગર્વભેર કોઈને કોઈ સાહિત્યિક કાર્યક્રમોમાં અવારનવાર કહેતો હોઉં છું કે સમગ્ર આયખા દરમિયાન એક કલ્પન રચવું તે સંખ્યાબંધ પુસ્તકો લખવા કરતાં વધુ અઘરું અને વધુ સારું કામ છે. આપની પ્રસ્તુત બેઉ ગઝલોમાં *(જેમનો આ સંગ્રહમાં સમાવેશ થયો છે)* આવાં સાદ્યંત કલાપૂર્ણ કલ્પનો ભલે ઓછાં હોય, કે ના પણ હોય તો પણ તમારી પાસે શ્રેષ્ઠ કલ્પનો, શ્રેષ્ઠ ગઝલો લખી શકવાની પૂરી સજ્જતા તો છે એટલું તો તમારી રચનાઓ વાંચતા દેખાય છે.

*ધડકનો દિલની બધી તારે જ કારણ તો હતી*
*કેમ ના હું આખરી ધડકન તને અર્પણ કરું*

*શું મળ્યું ત્યાગી તિમિરને, એજ સમજાતું નથી*
*એટલું અજવાળું છે કે કંઈજ દેખાતું નથી*

*વાહ, વાહ!*

ગઝલ કે કોઈ પણ કવિતા શબ્દદેહી છે એ ખરું અને શબ્દની મદદથી જ વાત ચાલતી હોય છે પણ કદાચ વાતનો મર્મ તો શબ્દની બહાર જ શોધવાનો રહે છે. આવી શોધ કરું છું ત્યારે તમારી રચનામાંથી રાજી થાઉં તેવું ઘણું સાંપડે છે.

ગઝલનાં પિંગળશાસ્ત્રની ઘણાને જાણ નથી હોતી અને છતાં ઉત્તમ ગઝલો તેમના હાથે લખાતી હોય છે / લખાઈ છે. તમારી રચનાઓમાં પણ મેં છંદની ચોકસાઈ વિષે ઝીણી નજર રાખી નથી.

નકરી છંદ નિપુણતા, પ્રાસ કૌશલ્ય, અલંકાર વૈભવ કે બાહ્ય ઉપકરણોની હાજરી માત્રથી કાવ્ય સિદ્ધ થઈ જતું નથી. કાવ્ય માટે પરમ ઉપકારક અંશ છે: અર્થ, રસ કે વિચાર. એ આપની રચનાઓમાં સહજપણે જ આવ્યા છે.

આપણે ત્યાં ગુજરાતી સાહિત્યમાં કવિઓનું વલણ બે પ્રકારનું જોવા મળે છે. એનાં ખરાબ અનુભવો પણ થયા છે. કવિઓનો એક વર્ગ એવો છે કે જે ભારેખમ-દુર્બોધ - એવી કવિતાને જ ઉત્તમ કવિતા માને છે. બહારથી એવો દેખાવ કરે છે કે એમને કોઈ પણ વાચકની તમા નથી. અને છતાં આ જ કવિઓ હોંશે હોંશે કવિ સંમેલનમાં ભાગ લેવા દોડી જતા હોય છે. મારી સ્થિતિ જુદી છે. હું કોઈ પણ ગ્રૂપથી અલિપ્ત રહું છું. મારા સર્જનમાં મુખ્યત્વે ગઝલો છે અને તેમાં પણ ગંભીર પ્રકારની ગઝલ સંખ્યા વિશેષ છે. પણ મુશાયરાનો માહોલ જોઈ જરૂર પડે હળવી રચના રજૂ કરવામાં હું શરમાતો નથી - એટલું જ નહીં એમજ કરવું જોઈએ તેમ માનું છું, કારણ કે મને પુરસ્કાર આપવામાં આવે છે ત્યારે આયોજકોની મનોરંજનની પણ અપેક્ષા હોય છે.

આપ વિદેશમાં રહીને પણ ગુજરાતી ભાષા અને ગુજરાતી કવિતાને પોતાની રીતે પ્રેમ કરો છો એ ઘટના જ મારે મન મૂલ્યવાન છે. છ-સાડા છ દાયકા જીવી લીધા પછી ખભા પર ભૂતકાળનું વજન વધી ગયા પછી ખભો ઝૂકવા માંડે એ પછી માણસ વિચાર કરતો થઈ જાય છે. હવે વિચારો જ કરવા છે કે જીવવું છે? વધારે ને વધારે પૈસા જ કમાયા કરવું છે કે જીવવું છે? વધારે ને વધારે પૈસા કમાવાનો રોગ એ નશો નથી, એ કોમા છે. એક બેહોશ અવસ્થા છે. જિંદગી એક એવી યુટર્ન પર આવવી જોઈએ જ્યારે માણસે બાકી રહેલા વર્ષો માટે વધારે કમાવા કરતાં વધારે ઝડપી ખર્ચવાની બ્લુ પ્રિન્ટ તૈયાર કરી નાંખવી જોઈએ. આ વિચાર જેમ જેમ બળવત્તર બનતો જાય છે ત્યારે ગઝલ-કવિતા આપણું સરનામું પૂછતી આપણા ઘરે ઉલ્લાસભેર આવી પહોંચતી હોય છે. શબ્દની ચોપાટમાં પ્રાણને હોડમાં મૂકવો પડે છે. જીવને હોડમાં મૂકયા સિવાય શબ્દ સાથે લોહીનો નાતો બંધાતો નથી. આપણી વ્યથા કોઈના માટે રસની કથા હોઈ શકે. આ બધીજ શકયતાનો વિચાર કરી કવિતામાં પગ માંડનાર સર્જકને પડવાનું કદાચ આવશે પણ પાછા વળવાનું તે કયારેય વિચારે નહીં.

આરંભ કઠિન હોય તો જ અંત મધુર બને. ગઝલના શ્રેષ્ઠ મક્તા માટે પ્રથમ તો ચુસ્ત મતલા માટેની ભારે મથામણ જરૂરી છે. એનો આનંદ લૂંટવા આ અજાણ્યો માણસ આપને પત્ર લખવા અત્યારે બેઠો છે.

મારાં નવાં ૧૨ પુસ્તકો આ મહિનાના અંતમાં પ્રકાશન પામનાર છે. પ્રકાશક છે આર.આર.શેઠની કંપની, અમદાવાદ. તેમાં બીજો ગઝલ સંગ્રહ: 'તારા અભાવમાં' પણ એક છે. લોકાર્પણ કાર્યક્રમ ભારે દબદબાપૂર્વક કરવાનું વિચાર્યું છે. આપના આશીર્વાદ જરૂરી સમજુ છું.

આપનો
— કૃષ્ણ ગાંડલિયાનાં
સ્નેહ સ્મરણ
તા.૨૭/૫/૨૦૦૫

# દુનિયાથી રબ સુધી
# પ્યાસથી પરબ સુધી

આકાશને આંબવાનો થનગનાટ એ માનવીનું અળવીતરું નહીં, ઉમદા પાસું છે. સોણલાં સેવવાં, એને સીંચવા યત્નો કરતા રહેવાનું નામ જ તો જીવન છે. પણ એનાં ફળ એકલપંડે ન ખાતાં માલિકની મખ્લુક સાથે માણવાનો આનંદ અનેરો છે. કેવળ ભૌતિક સુખમાં રમમાણ રહેનારની દોટ, દિશા વિનાની છે, એટલે એને દશા ચઢી ગઈ છે. સફરમાં નીકળનાર, એને જ્યાં પહોંચવાનું હોય એ મુકામનું સરનામું, પ્રવાસના માર્ગની પાકી જાણકારી તથા તંતોતંત તૈયારી હોય તો જ ધારેલા મુકામે પહોંચે, નહીંતર એના આદર્યા અધૂરા રહી જાય. અને અધૂરપનો એહસાસ થાય ત્યારે ઘણું મોડું થઈ ગયું હોય.

સૂફી -સંતો, સર્જકોની વાત જ ન્યારી છે. એમના હોઠે—હૈયે જે પ્યાસ હોય એને છીપાવવા સતત પરબની તલાશમાં તેઓ રત—મસ્ત રહે છે. તેમ કરતાં અપાર વિઘ્નોને વળોટવામાં એમને મધુરપ લાગે, ને પ્યાસા હરણની જેમ ઝરણ ભાળતાં જ ભાવવિભોર થઈ, તાલમાં આવી નાચવા—કૂદવા લાગે.

એ જ તો ફરક છે સામાન્યજન અને માલિકમય લોકોની સફરમાં. બીજો દુનિયાના મેળામાં એનાથી (મેળાથી) અલિપ્ત રહી શકે છે, જ્યારે પહેલો મૂળ મકસદને વિસારે પાડી ફેરા ફોગટ કરે છે. એટલે જ તો **'અદમ' ટંકારવી** કહે છે :

**વસ દુનિયાની વચ્ચોવચ**
**ને દુનિયાથી છેડો ફાડ**

આટલી ભૂમિકા પછી 'પ્યાસથી પરબ સુધી'ની **'મહેક' ટંકારવી**ની સુહાના સફરના સહભાગી થવાનું સરળ થઈ પડશે. સર્જક જાત સાથે વાત કરવાનો, મીઠી નોંકઝોંક કરવાનો નિજાનંદ તો મેળવે જ છે, સાથે ભાવકને પણ એ મસ્તીમાં તરબોળ કરે છે.

ભાઈ 'મહેક'ની ગઝલોમાંથી પસાર થનારને સૂફી ઘરાનાની ડેલીમાં સાવ સહેલાઈથી પ્રવેશવાનો પરવાનો મળે છે. એકવાર એ ઈશ્કે—હકીકીના ડાયરાનો કસુંબો પીધા પછી ભાવક પણ સર્જકના રંગે રંગાઈ ન જાય તો જ નવાઈ !

કેવળ ક્રિયાકાંડને જ માલિકને મળવાનું માધ્યમ સમજનાર માટે એક ઉર્દૂ શાયરે કહ્યું છે :

**વો સજદા સજદા કભી હો નહીં સકતા,**
**જિસમેં સર ઝુકતા હૈ મગર દિલ નહીં ઝુકતા.**

એ જ પગલે **'મહેક'** પણ કહે છે :

**ન જેમાં દિલ ઝૂકે મસ્તકની સાથ-સાથ 'મહેક'**
**તું એવા સિજદા અને બંદગીની વાત ન કર.**

એટલે જ તો સર્જક, દુનિયા તમાશાથી વિશેષ કંઈ નથી તેમ ડંકાની ચોટ પર કહે છે. એને પ્યાસ છે ઈશ્કે—હકીકીની.

સૂકકા, સળગી રહેલ રણ માંહે,
પ્યાસા હરણાની પ્યાસ ભટકે છે.

આત્માનો અસલ મુકામ સ્વર્ગ–જન્નત. દુનિયાનાં પ્રથમ માનવ આદમ અને હવ્વા (ઈવ)ને જે ફળ ન ખાવાનો હુકમ થયેલો, તેનો અનાદર થતાં તેઓ દિવ્ય પ્રકાશમાંથી ઊંડા અંધકાર તરફ ઉસેટાયાં. આ અંધકારમાં ગૂંગળામણ અનુભવતો આત્મા ફરી પરમ સત્યના પ્રકાશ તરફની સફરમાં રત બને છે.

જ્યાંથી આવ્યું'તું ત્યાં જ પાછું હવે,
આખરે જઈ રહ્યું છે અજવાળું.

અને એક સ્થિતિ એવી પણ આવે છે કે માલિકની યાદ કરતાં કદી જીભ અટકી જાય તો તસ્બીના મણકામાંથી પણ અલ્લાહ–અલ્લાહની સદા ગૂંજવા લાગે છે.

જીભ અટકી છતાં ઝિકર ચાલુ
અલ્લા અલ્લા કરે છે મણકા પણ

અને જેમને આ સાચી કેડીનો નકશો હાથ લાગ્યો તેઓ મન્સૂર, મીરાની જેમ ''અનલ હક, અનલ હક'', ''મોરે તો ગિરધર ગોપાલ, દૂજો ન કોઈ'', એમાં ડૂબી જઈ ધન્ય થઈ જાય છે. **'મહેક' ટંકારવી** કહે છે :

ડૂબ્યા વિના તો પ્યાસ બુઝાશે નહીં 'મહેક',
આવો અહીં જ ડૂબીએ મઝધાર છે અહીં.

ઉર્દૂના ખ્યાત શાયર **જમીલોદ્દીન આલી** કહે છે :

જનમજનમકા સાથ થા જિનકા
ઉન્હેં ભી હૈ હમસે બૈર
વાપસ લે ચલ અબ તો 'આલી'
હો ગઈ જગકી સૈર

**'આદિલ' મન્સૂરી** કહે છે :

રસ્તામાં એટલી બધી ખાધી છે ઠોકરો,
મંઝિલ સુધી પહોંચતાં પગભર બની ગયા.

**'મરીઝ'**નો તો મિજાજ જ અલગ :

પૂરી તું કર નમાઝ અગર હોય ભાનમાં,
ઓ શેખ, મસ્ત થઈ ગયો હું તો અઝાનમાં.

દ્વૈતથી અદ્વૈત તરફનું પ્રયાણ જ સાચી સફર એટલે તો **'મહેક'** છેકછાક કરવા કરતાં જીવતરની સ્લેટને પ્રથમ ચોખ્ખી કરી એમાં ફક્ત એક જ નામ ઘૂંટવા પર ભાર મૂકે છે :

બધાંયે નામ ભૂંસી નાખી કોરી સ્લેટ ઉપર,
ફરી-ફરીથી અલિફને ઘૂંટાવીએ આવો.

**ઇબ્ને-ઇન્શા** એના નામની સચ્ચાઈને આ રીતે યાદ કરે છે :

હમ ભી જૂઠે, તુમ ભી જૂઠે,
એક ઉસીકા સચ્ચા નામ.

ને એનું નામ ફરી ફરી ઘૂંટતાં કેવા દરજ્જે પહોંચી જાય છે !

થાય થપ થપ તો રૂમી નાચી ઊઠે
નાચે દોહરા સૂણી કબીરા પણ

જેઓ અસલ રસ્તેથી ભટકી ગયા છે તેમને ટપારતાં સર્જક કહે છે :

ડોકિયું તો કરી જો ભીતરમાં
કેટલી ભારે ભીડ જામી છે
બહાર કરતાં વિશેષ અંતરમાં
કેટલી ભારે ભીડ જામી છે

અંદર અસત્ તત્ત્વોની જે હકડેઠઠ ભીડ જામી હોય તેને બહાર કાઢયા વગર સત્નો પ્રવેશ શક્ય બનતો નથી. એક વાર એમાં સફળતા મળે તેનાં આલોક અને પરલોક બંને ધન્ય થઈ ગયા વિના રહેતાં નથી.

વતનથી દૂર, પરદેશની ભૂમિ પર રહીનેય સર્જક પોતાના મૂળ (root) સાથેનો નાભિ-નાતો જાળવી રાખે છે, ને ગુર્જરીને જીવંત રાખવા યથાશકિત મથામણ કરે છે. એમના પ્રયત્નો કેટલા કામિયાબ નીવડશે એ તો સમય જ બતાવશે, પણ ૧૯૭૩ માં **શેખાદમ-આબુવાલા** જેવા લાડીલા શાયરની સાક્ષીએ ભાઈ **'કદમ' ટંકારવી, 'મહેક' ટંકારવી** તથા મિત્રોએ 'ગુજરાતી રાઈટર્સ ગિલ્ડ, યુ. કે.' નામનું સાહિત્યિક પ્રવૃત્તિઓનું ઝરણું વહેતું રાખ્યું છે.

આવાં તો કેટલાંય સાહિત્યિક ઝરણાં યુ. કે. ની ધરતી પર : બાટલી, વેસ્ટ યોર્કશાયરમાં **અહમદ 'ગુલ'** અને મિત્રો, પ્રેસ્ટનમાં **મેહમૂદ અમીરાત** અને મિત્રો, બર્મિંગ્હમમાં **પ્રફુલ્લ અમીન**, લેસ્ટરમાં **વિનય કવિ, બેદાર લાજપુરી** અને મિત્રો, લંડનમાં **વિપુલ કલ્યાણી** જેવા સાહિત્યપ્રેમી મિત્રોના પ્રયત્નોની નીપજરૂપે વહી રહ્યાં છે.

હવે તો ગુજરાત સાહિત્ય અકાદમી (ગાંધીનગર), ગુજરાતી સાહિત્ય પરિષદ પણ ડાયસ્પોરા સર્જકોના સર્જનનો ઝિકર કરતા થયા છે.

અત્રે એક વાતની સાનંદ નોંધ લેતાં ધન્યવાદ આપીએ કે ગુજરાતી ભાષા બ્રિટનની હવામાં પણ મુક્ત શ્વાસ લેતી રહે તે માટે વિવિધ બરો કાઉન્સીલો ગુજ્જુ સંસ્થાઓને બજેટ

પૂરું પાડી પ્રોત્સાહિત કરતી રહે છે.

ભાઈ **'મહેક'** પછી યુ. કે. પહોંચેલા ગુજરાતી ભાષાના બે માતબર સર્જકો **દીપક બારડોલીકર** અને **'અદમ' ટંકારવી**એ તો નવોદિતોમાં અનેરા ઉત્સાહનો સંચાર કર્યો.

**'પ્યાસથી પરબ સુધી'** ગઝલસંગ્રહને માણતાં એમની ગઝલોની કેફિયત, મવલાના જલાલુદ્દીન રૂમીના જીવનકવન વિષેનો લેખ વાચકો માટે અમૂલ્ય નજરાણું બની રહેશે.

સંગ્રહના થોડાક શે'ર માણીએ :

છે ઘણાં એવા કિનારે બેસીને જોતા રહ્યા
જે 'મહેક' ડૂબી ગયા, ફાવી ગયા, ફાવી ગયા

★

એક દરવેશ દુઆ દઈને ગયો છે આજે
આપણું કામ બની જાય તો કે'વાય નહીં

★

ઘડી-બે ઘડી તું પણ ચડી લે ચકડોળે
ઉલી જશે, છે આ મેળો, અહીં મુકામ ન કર

★

નિજમાં જ ડૂબકી મારતે, એ ત્યાં મળી જતે
મોતીને શોધવા અમે દરિયા સુધી ગયા

★

એ પુરાવા માંગે છે તો લો પુરાવો આપીએ
આગમાં કૂદી કે શૂળીએ ચઢીને મહાલીએ

★

આ કલમ કાગળ ભલે ને હોય મારા હાથમાં
કોણ આવીને 'મહેક' ગઝલો લખાવી જાય છે

**'મહેક'** સાહેબને એ અદશ્ય પ્રેરણા સતત મળતી રહે એવી અભ્યર્થના સાથે ખૂબ ખૂબ અભિનંદન.

**-અઝીઝ ટંકારવી**

એ/૨૦, બાગે–નવાબ ફ્લેટ્સ,
શાહ આલમ,
અમદાવાદ–૩૮૦૦૨૮.
જાન્યુઆરી ૧૨, ૨૦૦૬

# તૃષ્ણાથી તલાશ અને તૃપ્તિ તરફ...

જીવનમાં પ્રવર્તતી 'પ્યાસ' (આપી તો પ્યાસ અમને પ્યાસા હરણની આપી) જેને લીધે 'આપણે મૃગજળો પાછળ દિવસ ને રાત પડયા' જેવી આપણી આંધળી દોટ અને દયાજનક સ્થિતિ; વળી સતત હાજર અને કાયમ વધતી જતી એ પ્યાસને બુઝાવવા 'વીતે છે જિંદગી હવે તારી તલાશમાં'ની જેમ 'તલાશ' શરૂ તો થાય છે પણ લંબાતી જાય છે અને 'તૃપ્તિ' માટે મથતા આપણે હાંફળાફાંફળા 'આંખ થાકી અને થાકયાં છે ચરણ શું કરશું?' જેવી વિમાસણ અનુભવતા, આપણી મર્યાદાઓ અને મજબૂરીઓનો સ્વીકાર કરતા, કોઈવાર સિકંદરના ઘોડે સવાર થઈને તો કોઈવાર કલંદરી માર્ગ પર કદમ માંડીને શાંતિ માટે, તૃપ્તિ માટે મથતા રહીએ છીએ. છેલ્લે સર્વ મથામણને અંતે *'પરદેશા ખોજન ગયા, ઘર હિરાકી ખાણ'* એવા સૂફીસંતોના ડહાપણને અનુસરી દુનિયાભરના બજારો ખૂંદવાને બદલે આત્મખોજમાં, આત્મશુદ્ધિમાં લાગી જઈએ છીએ; મૃગજળો પાછળની દોડ પડતી મૂકી સુધાસિંધુમાંથી એકાદ ટીપું પણ જો પીવાનું મળી જાય તો આપણું સદ્દભાગ્ય એવી આશ લઈને ડૂબવાની તૈયારી કરતા કિનારે બેસી જઈએ છીએ.

ગુજરાતી ગઝલોમાં આવતા આવા કેટલાક ભાવો અને જીવનને સાચા અર્થમાં સાર્થક કરે એવાં કેટલાંક કીમિયારૂપ સૂફી રહસ્યો આધ્યાત્મિક માર્ગના **ગઝાલી** (૧૦૫૮ - ૧૧૧૧), **સાદી** (૧૧૮૪ - ૧૨૯૧) અને **રૂમી** (૧૨૦૭ - ૧૨૭૩) (રેહમતુલ્લાહે અલયહ અજમઈન*) જેવા કેટલાક મહાન સંત પુરુષોના વાચન-મનનમાંથી પ્રાપ્ત થયેલાં હોય છે. આ મહાત્માઓમાંથી આધ્યાત્મિક ગુરુ અને માર્ગદર્શક એવા મવલાના જલાલુદ્દીન રૂમીના જીવનકવન વિષે કેટલાક સમય પૂર્વે મેં એક લેખ લખ્યો હતો જેને અહીં એવી આશા સાથે ફરી રજૂ કરૂં છું કે એનાથી ગઝલ ચાહકોને ગઝલ સાહિત્યની આધ્યાત્મિક રંગની કેટલીક ગઝલોનો રસ માણવામાં મદદ મળશે અને 'તસવ્વુફ'માં રસ ધરાવતા લોકોને રૂમીના અદ્દભૂત જીવનકવનમાંથી પ્રેરણા અને માર્ગદર્શન મળી રહેશે.

મવલાના રૂમીનો જન્મ ઈરાનની સરહદે (હાલ ઉત્તર અફઘાનિસ્તાનમાં) આવેલા બલ્ખ શહેરમાં ઈ.સ. ૧૨૦૭માં થયો હતો અને તેમનું મરણ તુર્કસ્તાનમાં આવેલા કોનીઆ શહેરમાં ઈ.સ. ૧૨૭૩માં થયું હતું. તેમના પિતા એક મોટા નામાંકિત ધર્મવિદ્વાન હતા જેમની પાસેથી તેમને બાળપણથી જ ધાર્મિક વિદ્યાઓનું સારૂં એવું જ્ઞાન મળ્યું હતું. તેમના પૂર્વજો પણ કાઝીઓ અને ધર્મગુરુઓ હતા. પિતા રૂઢિચુસ્ત વિચારસરણીના અને પ્રણાલીગત ઈસ્લામિક મૂલ્યોમાં તથા એ મૂલ્યોના બરાબર પાલનમાં માનનારા હતા. આથી લોકોમાં એમનો ઘણો પ્રભાવ હતો. પોતે એક સિદ્ધાંતવાદી હોવાથી અન્ય બુદ્ધિજીવીઓની માફક તે વખતના રાજાની ખુશામત કરવાનું બિલકુલ પસંદ કરતા નહીં. આ કારણે સત્તાધારીઓની નારાજગીને પરિણામે એવું બને છે કે તેમને ઈ.સ. ૧૨૧૯માં જ્યારે રૂમી બાર વર્ષના હતા ત્યારે પોતાની જન્મભૂમિ છોડી જવાની ફરજ પડે છે.

મધ્ય પૂર્વના અનેક દેશોમાં ભટકતાં ભટકતાં ઘણાં પ્રખ્યાત ધાર્મિક મથકોના દર્શન કરતાં કરતાં રૂમીનું દેશપાર થયેલું કુટુંબ તુર્કસ્તાનમાં કોનીઆ શહેરમાં આવીને ઠરીઠામ થાય છે. અહીંયાં તેમના પિતા સ્થાનિક લોકોમાં ધર્મગુરુ તરીકે ફરી પોતાની પ્રતિષ્ઠા કાયમ કરે છે અને પવિત્ર જીવન જીવીને અંતે સને ૧૨૨૮માં અલ્લાહને પ્યારા થઈ જાય છે.

* સંતપુરુષોના નામોલ્લેખ સાથે (રેહમતુલ્લાહે અલયહ અર્થાત અલ્લાહની તેમના પર કૃપા હો) એમ બોલવામાં આવે છે.

આદર્શ માતાપિતા પાસેથી રૂમીને ઘણું ઘણું જાણવા અને શીખવાનું મળ્યું હતું. આ સાથે અનેક સ્થળોની કષ્ટમય મુસાફરી દરમિયાન તેમને વિવિધ દેશો અને ત્યાંના લોકોનો પણ વિશાળ અનુભવ મળ્યો. પિતાની સાથે જ્યાં જ્યાં પણ ગયા ત્યાં તે સમય અને સ્થળના જાણીતા વિદ્વાનો અને સૂફીસંતોને મળવાનું સદ્દભાગ્ય પણ રૂમીને નાની વયે પ્રાપ્ત થયું. આ સૂફી સંતોમાં હઝરત શેખ ફરીદુદ્દીન "અત્તાર" જેમણે રૂમીને પોતાનું "અસરારનામા" નામનું સૂફી રહસ્યો ઉપરનું પુસ્તક ભેટ આપ્યું તથા "સહરાવરદી"નો સમાવેશ થાય છે.

અંગત જીવનમાં ૨૧ વર્ષની ઉંમરે રૂમી શાદી કરે છે અને બે પુત્રોના પિતા થાય છે. વિધુર થયા બાદ બીજીવાર શાદી કરે છે અને ફરી એક પુત્ર તથા એક પુત્રીના પિતા બને છે. ૨૪ વર્ષની ઉંમરના થયા ત્યાં સુધીમાં તો અનેક ધાર્મિક વિદ્યાઓમાં પારંગત બન્યા. પિતાના અવસાન પછી લોકોના અને સત્તાવાળાઓના આગ્રહને વશ થઇ પિતાની જગ્યાએ બિરાજમાન થયા. લગભગ આ સમયે ખુરાસાન જે ઇરાનનો એક પ્રદેશ છે ત્યાંથી હઝરત બુરહાનુદ્દીન જે રૂમીના પિતાના શિષ્યોમાંથી એક હતા અને એક ખ્યાતનામ સૂફી હતા તેઓ રૂમીની મુલાકાતે આવ્યા. તેમણે અસલ સૂફી માર્ગની સમજ આપવા અને ઓળખ કરાવવા ઉસ્તાદ તરીકેની પોતાની સેવાઓ આપવાની તૈયારી બતાવી જે રૂમીએ સ્વીકારતાં બંને નવ વરસ સુધી સાથે રહ્યા. ઉસ્તાદ સાથે રહી ઇલ્મ હાસિલ કરવા ઉપરાંત અનેક સૂફી ખાનકાહોની મુલાકાત કરી સૂફી માર્ગના રહસ્યોથી વાકેફ થયા. વળી લાંબી મુસાફરીઓ દરમિયાન તુર્કી, ગ્રીક, ઇરાની અને અરબ પ્રજાઓના સંપર્કમાં આવ્યા હોવાથી વિવિધ પ્રજાઓની ખૂબીઓ તથા માનવસહજ નબળાઇઓ બાબતમાં ઊંડી સમજ કેળવી જેની અસર તેમની જગવિખ્યાત "મસ્નવી"ની વાર્તાઓમાં જોઇ શકાય છે.

આ બધાથી પરવારી પાંચ વરસ સુધી તેમણે લોકોમાં ધાર્મિક શિક્ષણ અને આધ્યાત્મિક માર્ગદર્શન આપવાનું કામ કર્યું. કહેવાય છે કે ૩૩ વરસની ઉંમર થઇ ત્યારે મવલાના રૂમીના વિદ્વતાભર્યા ધાર્મિક વ્યાખ્યાનોમાં ૪૦૦ જેટલા શ્રોતાઓ હાજરી આપતા જેમાં કેટલાક રાજાઓ, રાજકુંવરો, વજીરો અને તે વખતના કેટલાક નામાંકિત કવિઓ અને ઉપદેશકોનો પણ સમાવેશ થતો હતો. એમના મુરીદો (અનુયાયીઓ)ની સંખ્યા આશરે દસ હજારની હતી. આ રીતે સમાજમાં એક ધર્મચુસ્ત વિદ્વાન તરીકે મવલાના રૂમીનું સ્થાન ઘણું ઊંચું અને આદરપાત્ર હતું.

❖ ❖ ❖ ❖ ❖

જીવનમાં માણસ ધીરે ધીરે પોતાની આજુબાજુ એક પછી એક ઊંચી દીવાલો ચણતો જાય છે. કંઇ એવું જ રૂમીની બાબતમાં પણ થયું એમ કહી શકાય. તેમની આજુબાજુ પણ ૩૮ વર્ષની ઉંમર સુધીમાં તો જાણ્યે અજાણ્યે અનેક દીવાલો ચણાઇ ગઇ હતી: ઇજ્જત-આબરૂની દીવાલ, સંસ્કૃતિ-સંસ્કારની દીવાલ, રૂઢિ-રિવાજોની દીવાલ, દિનપ્રતિદિન વધતા જતા મુરીદોની દીવાલ, રૂઢિચુસ્ત સમાજની નિશ્ચિત આશાઓ-અપેક્ષાઓની દીવાલ, આવું થાય અને આવું ન થાયની દીવાલો અને આ બધામાં સૌથી મોટી અને મજબૂત 'અહમ'ની દીવાલ! આ પ્રકારની બધી દીવાલોની ભીંસમાં હુજ્જતુલ ઇસ્લામ ઇમામ ગઝાલીએ એમનાથી આશરે દોઢસો વર્ષ પૂર્વે આવી જ પરિસ્થિતિમાં જે પ્રકારની ગૂંગળામણ અનુભવી હતી, બરાબર એવા જ પ્રકારની મૂંઝવણ અને ગૂંગળામણ મવલાના રૂમી પણ આ સમયે અનુભવવા લાગ્યા. એ વિચારતા:

જીવનમાં સાચો પ્રેમ આવતાં વ્યક્તિઓનું માનસ પરિવર્તન થાય છે, સમજશક્તિ વિકસે છે, સહિષ્ણુતા વધે છે અને બધા મતભેદો દૂર થઇ જાય છે. આવું કેમ અને કઇ રીતે બને છે? સાથે જ એમના મનમાં ધર્મ અને ધાર્મિક વ્યક્તિઓ વિષે, ધર્મમાં પ્રવર્તતા મતભેદો વિષે, ધર્મના સ્થૂળ નિયમો અને તેમના ચુસ્ત પાલન વિષે, રૂઢિચુસ્ત વલણો અને સામાજિક રીતરિવાજો વિષે અનેક પ્રશ્નો ઊઠવા લાગ્યા. રૂમી સામે ઇમામ ગઝાલીનું દષ્ટાંત મોજૂદ હતું. તેમણે આવા સંજોગોમાં જે માર્ગ ધારણ કર્યો હતો અને જે પ્રકારનું જીવન તેઓ જીવ્યા હતા તે જીવન પદ્ધતિનું પણ એમને જ્ઞાન હતું. એના કારણે લોકોમાં માત્ર વાયઝ નસીહતની જગ્યાએ નક્કર કાર્ય અને આધ્યાત્મિક અનુભવના મેદાનમાં પોતે ઝંપલાવવું જોઇએ એવું તેમને પણ થવા લાગ્યું. આના અનુસંધાનમાં પોતાના "ફિહિ મા ફિહિ" નામના અધ્યાત્મ વિદ્યા પરના વ્યાખ્યાનોમાં મવલાના રૂમી એક જગ્યાએ ફરમાવે છે:

"જગતમાં શબ્દોના ગ્રાહકો અને વાતોના વડાં કરનારા તો ઘણાં છે પણ અમલ અને કાર્યના ખરીદનારા કયાં છે? અમલના રસ્તે તમને ઘણાં ઓછા મુસાફરો મળશે અને અત્રે યાદ રાખવું જોઇએ કે અમલ એટલે માત્ર નમાઝ-રોઝા નહીં, એ તો માત્ર અમલનું બાહ્ય સ્વરૂપ છે. હકીકતમાં અમલ એ તો "અંદર"ની વાત છે જેનો સંબંધ શબ્દો સાથે નહીં પણ અર્થ સાથે છે. ધર્મના માત્ર બાહ્ય સ્વરૂપ પર નહીં પણ આંતરિક અર્થ ઉપર પણ ભાર મૂકાવો જોઇએ તો જ ધર્મના ખરા સ્વરૂપને, વાસ્તવિક્તાને પામી શકાય, કારણ કે જ્યાં સુધી માણસના માનસિક વલણમાં ફેરફાર થતો નથી ત્યાં સુધી માત્ર જ્ઞાન, શિક્ષણ કે ધાર્મિક ક્રિયાકાંડથી માણસ બદલાઇ જતો નથી કે તેના વ્યક્તિત્વનો પૂર્ણ વિકાસ સધાતો નથી."

❖ ❖ ❖ ❖ ❖

આ પ્રકારની સખત માનસિક મૂંઝવણ અનુભવી રહ્યા હતા તેવામાં હઝરત શમ્સ તબરેઝ (રહ)ની કોનીઆમાં મુલાકાત થાય છે. પ્રથમ મુલાકાત વેળા બંનેનો માર્ગ એકબીજાથી જાુદો હતો અને તેથી જ સામે પડેલાં નિર્જીવ પુસ્તકો વિષે શમ્સ તબરેઝ પૂછે છે તો મવલાના રૂમી જવાબ આપે છે કે "એમાં આપને સમજ નહીં પડે" અને નારાજગીમાં શમ્સ તબરેઝની નજર પુસ્તકો પર પડતાં પુસ્તકો બળીને રાખ થઇ જાય છે ત્યારે વિસ્મય પામી મવલાના રૂમી તેમને પૂછે છે કે આ શું થઇ ગયું? તો તેમના જ શબ્દોમાં શમ્સ તબરેઝ વળતો જવાબ આપે છે કે "એમાં આપને સમજ નહીં પડે!" સંત કબીરજી કહે છે તેમ:

*પોથી પઢ પઢ જગ મુવા, પંડિત ભયા ન કોય;*
*અઢાઈ અક્ષર પ્રેમકા, પઢે સો પંડિત હોય.*

બસ ત્યારથીજ મવલાના રૂમીનો રસ્તો બદલાઇ જાય છે. બંને વચ્ચે ગાઢ મૈત્રી બંધાઇ છે. હવે મવલાના રૂમીને જે દીવાલો ભીંસી રહી હતી તેમને તોડી નાંખવાની અને તેમાંથી બહાર નીકળી જવાની ઉતાવળ જાગે છે. હવે તેમના મનમાં એકજ ધૂન છે:

"સાપ કાંચળી ઉતારે તેમ બધાં ટાઇટલો અને બાહ્ય આભૂષણોને ત્યજી દેવાં, સાંસારિક વળગણોને દૂર કરવાં, આંખો અને હૃદય પર પડેલા પરદાઓ ખસેડી નાંખવા. હવે મવલાનાને

સમજ પડી ગઇ હતી કે માત્ર પુસ્તકિયા જ્ઞાનથી માણસને નિશ્ચિતતા મળતી નથી કે પૂર્ણ સત્ય સાંપડતું નથી. જીવનના અનંત તોફાની સમુદ્રમાં હોઇએ ત્યારે એકલી બુદ્ધિ કામ આવતી નથી કે સલામતીના કિનારા સુધી પહોંચાડતી નથી. આ વાત સમજાવવા "મસ્નવી"માં એક વ્યાકરણશાસ્ત્રી અને નાવિકની વાર્તા આવે છે. નાવિકને લખતાં વાંચતાં આવડતું નથી એવું જાણીને નૌકામાં બેઠેલા વ્યાકરણશાસ્ત્રી મહેણું મારે છે: "અરે ભલા માણસ! તારી તો અડધી જિંદગી બેકાર ગઇ!" પણ દરિયામાં તોફાન આવે છે અને જોરદાર મોજાંઓમાં ફંગોળાતી હોડી ડૂબવા લાગે છે ત્યારે વ્યાકરણશાસ્ત્રીને તરતાં આવડતું નથી એવું જાણી પેલો નાવિક તરત વળતો જવાબ આપે છે: "અરે સાહેબ! મારી તો અડધી પણ તમારી તો આખી જિંદગી બેકાર ગઇ!"

આખી જિંદગી બેકાર ન જાય એ માટે આ તરવાની કળા પણ શીખવી જોઇએ એવું ભાન થતાં, શમ્સ તબરેઝને પોતાના પીર માની તેમના પ્રેરણાત્મક સાંન્નિધ્યમાં તેમની સાથે તાદાત્મ્ય સાધી અંતે આ તરવાની કળા પણ મવલાના રૂમી શીખી લે છે. 'કામિલ મુરશીદ'ના સત્સંગ અને સમાગમમાં રૂમીના મનમાં જાગેલું અવનવા વિચારોનું અને શંકા-કુશંકાઓનું ભયંકર તોફાન શમી જાય છે અને તોફાન પછીની શાંતિ સ્થપાતાં તેમની આંતરદૃષ્ટિ ઝળહળી ઊઠે છે. રૂમીને શમ્સ તબરેઝે પ્રથમ શીખામણ જે આપી હતી તે મૌન ધારણ કરી બાહ્ય રીતે (બહારની દુનિયા વિષે) બહેરા બનીને રહેવાની હતી જેથી આંતરિક વિકાસ થઇ શકે.

❖ ❖ ❖ ❖ ❖

અહીંયાંથી મવલાનાના જીવનની દિશા અને દશા પણ બદલાઇ જાય છે કારણ હવે એમને એ વાતની ખાત્રી થઇ ગઇ હોય છે કે માણસ વિવિધ વિદ્યાઓના અભ્યાસ અધ્યયનમાં સમય વીતાવે છે, ગણિતના ગૂંચવાડાભર્યા દાખલાઓ ઉકેલે છે, ભૂમિતિની રેખાઓ પારખે છે, તર્કશાસ્ત્ર અને તત્વજ્ઞાનના સમુદ્રમાં ડૂબકીઓ મારે છે, ખગોળમાં તારાઓ નિહાળે છે, પણ એ વાતને એ ભૂલી જાય છે કે આ બધામાં એ પોતે અને એની પોતાની જાત મુખ્ય "મૂળ" સમાન અને કેન્દ્ર સ્થાને છે, જ્યારે વિવિધ વિદ્યા કળાઓ જેની પાછળ એ દોડે છે એ તો એ અસલ મૂળની જ શાખાઓ છે. આપણી પોતાની જાતને જ ઓળખવી **(know thyself)** એ મોટામાં મોટી સિદ્ધિ છે. આપણે એ યાદ રાખવું જોઇએ કે આપણી અસલિયત તો નૂરે ખુદાવંદી છે અને આપણું કર્તવ્ય એ છે કે આપણે એ નૂરને એના અસલ તરફ તરક્કી કરવા દઇએ જેથી તે અસલ જાત ખુદ આગળ વધી, પોતાના એ અંશને લાડથી બોલાવી પોતાનો હેતુ પૂરો કરે. મહાકવિ ઇકબાલના પ્રખ્યાત શેર "ખુદી કો કર બુલંદ ઇતના..."માં પણ આ જ વાત તરફ ઇશારો કરવામાં આવ્યો છે.

પોતાની જાતને ઓળખવાની તથા એને પરિપૂર્ણતાએ પહોંચાડવાની આ પ્રક્રિયા શરૂ થતાં અત્યાર સુધી જે સામાજિક, ધાર્મિક, બૌદ્ધિક ઇત્યાદિ અદૃશ્ય બંધનોમાં જકડાયેલા હતા તેમને મવલાના રૂમી પરિણામની જરા પણ પરવા કે ચિંતા કર્યા વિના ફગાવી દે છે. પીર-મુરીદના સંબંધમાં બે રૂહો (આત્માઓ) એકબીજા સાથે સતત વિનિમય અર્થાત આપલે કરતી હોય છે. એક આપે છે અને દિશા બતાવે છે, બીજી લે છે અને સૂચવેલ દિશાએ આગળ વધી પ્રેમ-પંથે પ્રગતિ સાધે છે. એ અનુસાર મવલાના પણ પોતાના પીરની આંગળી ઝાલી સત્યની શોધના રસ્તે હસતે વદને શ્રદ્ધા અને વિશ્વાસ સાથે આગળને આગળ ડગ ભરે છે. પછી તો "સિમાઅ"ની મહેફિલો જામે છે. "મસ્નવી"ના રૂપમાં સુંદર વિચારોની તાલબદ્ધ રજૂઆત થાય છે. મહેફિલમાં ભાગ લેનારા

અનુયાયીઓ એક કૂંડાળામાં ઘુમરડી ફરતા જાય છે, ઝૂમતા જાય છે, ઝિકર કરતા જાય છે. રૂમી ના માર્ગદર્શન હેઠળ ‘સિમાઅ’ની આ મહેફિલોમાં, અલ્લાહ તઆલાની હમ્દના કે તેના પ્યારા પયગમ્બરની તારીફના કે દુનિયાની અસારતા અને આખેરત અર્થાત પરલોકની ખૂબી દર્શાવતા આશિકાના અશ્આર સાંભળી, મુરીદોના મનમાંથી અયોગ્ય વિચારોનું નિકંદન થાય છે, સામાન્ય વ્યવહારોનું નિવારણ થાય છે અને તેમના ધ્યેયમાં તલ્લીનતા સધાય છે. આ મહેફિલોમાં કહેવાય છે કે દરેક કક્ષાના માણસો ભાગ લેતા અને રૂમીના આધ્યાત્મિક શિક્ષણ અને અનુભવથી લાભ ઊઠાવતા જેમાં તે સમયના મહાન કવિ અને ઉપદેશક શેખ સા’દીનો પણ સમાવેશ થાય છે. મવલાના રૂમીને સિમાઅનું એવું તો ઘેલુ લાગ્યું હતું કે કહેવાય છે કે એક દિવસ બજારમાં એક સોનીની દુકાન પાસેથી તેઓ પસાર થઇ રહ્યા હતા એવામાં સોનીની હથોડીનો તાલબદ્ધ થપ થપ અવાજ સાંભળીને ત્યાંજ રોકાઇ ગયા અને દુકાનની સામે જ તેમણે ‘મહેફિલે સિમાઅ’ શરૂ કરી દીધી. એમના વિષે એમ પણ કહેવાય છે કે એમના ઘરમાં એક ઓરડાની વચ્ચોવચ એક થાંભલો હતો અને જ્યારે જ્યારે મવલાના ‘ઇશ્કે હકીકી’ના દરિયામાં ડૂબી જતા ત્યારે ત્યારે તે થાંભલાને વળગી પડી તેની આજાુબાજાુ ઘુમરડી ફરતા ફરતા કાવ્ય પંક્તિઓ લલકારતા અને આ સમયે એમના ખાસ મુરીદોમાંથી જે કોઇ ત્યાં હાજર હોય તે એ પંક્તિઓને લખી લેતા.

રૂમીના વર્તનમાં આ પ્રકારના સદંતર પરિવર્તનથી તેમના ઘણા મુરીદોમાં અને સમાજના રૂઢિચુસ્ત ધાર્મિક લોકોમાં આઘાતની લાગણી જન્મે છે અને ઊહાપોહ થાય છે: “કોણ છે આ શમ્સ જે અમારા માનવંત ધર્મગુરુ અને પીરને આ રીતે નાચગાનમાં મશ્ગૂલ કરી ગુમરાહીના રસ્તે દોરી જાય છે?” રૂમીને સમજાવવામાં આવે છે પણ દેખીતું છે કે એ જે રસ્તે હવે જઇ રહ્યા હતા ત્યાંથી પાછા ફરવું એમના માટે અશકય હતું. લોકોમાં જાગેલા વિરોધ વંટોળ અને ઊહાપોહની એમના પર કોઇજ અસર થતી નથી અને શમ્સ તબરેઝ સાથેનો એમનો સંબંધ દિવસે દિવસે ખૂબ ગાઢ થતો જાય છે. એવો સંબંધ કે જાણે બે ખોડિયામાં એક જ જીવ હોય! રૂમી શમ્સમય બની જાય છે અને પછી તો ‘જ્યાં જ્યાં નજર મારી ઠરે ત્યાં ત્યાં નિશાની આપની’ મુજબ રૂમી જ્યાં જ્યાં પણ નજર ઉઠાવે છે ત્યાં ત્યાં શમ્સના દર્શન થાય છે. પોતાના પીરોમુરશીદ સાથે આ પ્રકારની સંપૂર્ણ એકમયતા સાધી રૂમી અનેરો આધ્યાત્મિક આનંદ અનુભવે છે. બીજી તરફ લોકોનો વિરોધ દિનપ્રતિદિન ઉગ્ર બનતો જાય છે. રૂમીને સમજાવવામાં નિષ્ફળ જતાં શમ્સ તબરેઝ પર કંઇ કેટલીયે જાતના આક્ષેપોના તીરોનો વરસાદ ચાલુ થાય છે અને વાતાવરણ ખૂબ તંગ બની જાય છે. એવામાં જાણે રૂમીની સહનશીલતા અને અડગતાની કસોટી કરવાના હોય તેમ શમ્સ તબરેઝ તેમને આ વિરોધ વંટોળમાં એકલા મૂકીને શહેર છોડી જતા રહે છે. આથી રૂમીની તલાશ વધુ તીવ્ર બને છે. લોકોની ધારણા હતી કે શમ્સના ખસી જવાથી રૂમી અસલ ઠેકાણે આવી જશે પણ તેમ થવાને બદલે રૂમીએ પોતાની સિમાઅની મહેફિલો અને લોકસંપર્કથી દૂર એકાંતમાં જીવન જીવવાનું ચાલુ રાખ્યું. આ જોઇ લોકોએ પાછળથી માફી માંગતાં શમ્સ તબરેઝને દમાસ્કસથી પાછા બોલાવવામાં આવે છે. રૂમીની વર્તણૂંકમાં જરા પણ ફેર ન પડવાથી ફરી પાછી પેલી ઈર્ષ્યાની આગ સળગી ઊઠે છે. ઇ.સ. ૧૨૪૮માં શમ્સ તબરેઝ વિરૂદ્ધ એક હુલ્લડ થાય છે જેમાં રૂમીનો એક પુત્ર મરાઇ જાય છે અને શમ્સ તબરેઝ પોતે પણ ત્યાંથી અદશ્ય થઇ જાય છે. શોધ કરવા છતાં રૂમીને તેમનો પત્તો મળતો નથી અને અંતે સને ૧૨૫૧માં લોકોના આગ્રહને વશ થઇને તેઓ ફરી પાછા દમાસ્કસથી કોનીઆમાં પધારે છે.

❖ ❖ ❖ ❖ ❖

શમ્સ તબરેઝના મિલન સાથે શરૂ થયેલી **'real self'** ની, આત્માની પરમાત્મા માટેની આ ખોજ લંબાય છે. પોતાના એક કાવ્યમાં આ ખોજનો ઉલ્લેખ કરતાં રૂમી કહે છે: " ન તો ખ્રિસ્તીઓના દેવળમાં કે તેમના ક્રોસ પર **તે** દેખાયો, ન તો દેવદેવીઓનાં મંદિરમાં કે કાશી અને કા'બામાં **તેનાં** દર્શન થયાં. ઇબ્ને સિનાની ફિલસૂફી અને બુદ્ધિના ચમત્કારોમાં પણ **તેનો** પત્તો લાગ્યો નહીં. પ્રખ્યાત પ્રાચીન પર્વતોની ટોચ ઉપર ચડીને મેં જોયું, ખીણોમાં અને ટેકરીઓ ઉપર પણ મેં તેની તલાશ કરી પણ ત્યાં પણ **તેનાં** દર્શન થયાં નહીં! અને છેલ્લે ***'I gazed into my heart; there I saw Him; He was nowhere else.'*** दिल के आयने में है तस्वीरे यार, जब कभी गरदन झुकाई देख ली! અને કબીરજી કહે છે તેમ: કસ્તુરી કુંડલ બસે, મુગ ધુંડે બન માંહિ; ઐસે ઘટ ઘટ રામ હય, પર દુનિયાં દેખે નાહિ.

*तलाशे बेहर में क़तरे ने कितनी ठोकरें खाइँ*
*समझ लेता जो खुद को बन ही जाता बेकराँ अबतक!*

વિખૂટા બિંદુએ સિંધુની શોધમાં કેટકેટલી ઠોકરો ખાધી? જો એ પોતાની ભીતરમાં જ ડોકિયું કરીને પોતાની જાતને જ સમજી લેતે તો કયારનું ય મહાસાગરમાં ભળી જઇને મહાસાગરની માફક પોતે પણ અનંત બની અમરત્વ પામી ગયું હોત!

મવલાના રૂમીએ તસવ્વુફના નિચોડરૂપ પોતાની 'મસ્નવી'માં પોતાની જાતને ઓળખવાનું આ શિક્ષણ આપણને આપ્યું છે. તસવ્વુફ એટલે આત્મજ્ઞાન, પોતાની જાતને ઓળખવું. છ દળદાર ગ્રંથોમાં જેનો સમાવેશ થયો છે અને જેને લખતાં રૂમીના કીમતી જીવનના ૪૩ વર્ષ ખર્ચાઇ ગયાં તેના ધ્યાનપૂર્વકના વાંચન અને મનનથી આપણે અંતર્મુખી થઇએ, આત્મ નિરીક્ષણ કરતાં શીખીએ, આપણું અંતર જાગે, એમાં ચેતના આવે, દિલ સાચા અર્થમાં દિલ બને અને ઇન્સાનને પેદા કરવાનો જે હેતુ છે તે 'મા'રેફતે ઈલાહી' સિદ્ધ થાય. અલ્લાહ રહીમોરેહમાનના નામ સ્મરણથી એ ચેતના જાગે-જન્મે છે, આત્મા જાગૃત બને છે. દિવસ દરમિયાનની પાંચ નમાઝો એ અલ્લાહની યાદ દિલમાં કાયમ કરવાનું અને કાયમ રાખવાનું એક માધ્યમ પૂરું પાડે છે. જરા બેધ્યાન થઇએ, દુનિયાદારીમાં પરોવાઇએ કે તરત પાછા તેની હુઝૂરમાં ઊભા થવાનો વખત આવે. આપણા દિલના ધબકારમાં 'અલ્લાહુ'નો નાદ ધબકે! પછી તો: ઊઠતાં-બેસતાં, સૂતાં-જાગતાં, ખાતાં-પીતાં, ઘરના એકાંત ખૂણામાં કે ભરી બજારમાં, પ્રત્યેક સ્થળે અને પ્રત્યેક હાલતમાં આપણું જીવંત ચેતનવંતુ હૃદય એના જ નામ સાથે ધબકે... હરેક શ્વાસમાં એનું નામ અને ઉચ્છ્વાસમાં પણ એનું જ નામ! પછી તો:

આપણી સામેથી ભલભલું પસાર થઇ જાય, ઝડપભેર દોડતી મોટરગાડીઓ, આજીવિકાની શોધમાં નાસભાગ કરતા માનવ મહેરામણો અને આપણા ઉપર એ કશાની અસર ન થાય. એ બધું જ નિરખતા રહીએ, મોટરગાડીઓમાં મહાલતા રહીએ, ખાતા પીતા રહીએ, પણ આપણું હૃદય એની યાદમાં જ મગ્ન રહે, એના નામ સાથે ધબકતું રહે. જીભ અટકે તો માળા કે તસબીના મણકા અલ્લાહ અલ્લાહ કરવા લાગે અને સૂઇ જઇએ તો તકિયો એનું નામ લેવાનું ચાલુ રાખે.

*જીભ અટકી છતાં ઝિકર ચાલુ*
*અલ્લા અલ્લા કરે છે મણકા પણ*

આવી અવસ્થા એ ધ્યાનપૂર્વકની સાધનાનું ફળ છે. ઈમામ ગઝાલીને આવી અવસ્થા દસ વર્ષની સખત અને સતત સાધના પછી પ્રાપ્ત થઇ ત્યારે એ ફરી પાછા પોતાનાં પત્ની-બાળકો અને સમાજ વચ્ચે આવીને રહેવા લાગ્યા. આ અવસ્થા એટલે પાણીમાં રહી કોરા રહેવાની કળા, બધાની વચ્ચે અને છતાં એકલા. બધા સાથે હળીમળીને ખભેખભો મેળવીને ચાલીએ છતાં કશું સ્પર્શે નહીં. આ અવસ્થામાં હવે પેલા યોગીઓ કે સન્યાસીઓ માફક ધ્યાન ધરવા કે તપ કરવા આપણે હિમાલયની ગુફામાં જઈને ત્યાં ભરાઇ રહેવાની જરૂરત રહેતી નથી. હવે તો હિમાલયની ગુફા જ્યાં જ્યાં પણ કર્મયોગી જાય છે ત્યાં ત્યાં તેની પાછળ પાછળ ફરે છે, ભરી બજારમાં પણ!

ઈસ્લામી તસવ્વુફમાં પણ આના ઉપર જ ભાર દેવામાં આવ્યો છે કે સાલિક અર્થાત સત્ય શોધકે દુનિયામાં દુનિયાદારોની જેમ રહેવું, દુન્યવી કામકાજ કરવાં અને એની સાથે જ એ દરેકથી બેપરવા રહેવું. એટલે કે દુનિયાની મુહોબત ન રાખવી. કામ દુનિયાનાં કરવાં અને ધ્યાન હર વખત અલ્લાહના તરફ રાખવું અને મુહોબત પણ અલ્લાહની જ રાખવી. રૂમીએ એક જગ્યાએ આ વાતને સમજાવતાં કહ્યું છે તેમ:

*चिश्त दुनिया अज खुदा ग़ाफिल शुदन*
*नै कमाशो नुकरओ सीमाओ ज़न*

દુનિયા એટલે માલમતા, સોનું, ચાંદી, સ્ત્રી અને બાળકો નહીં, પણ ખુદાની યાદથી ગાફિલ અર્થાત બેધ્યાન થવું એનું નામ દુનિયા છે.

❖ ❖ ❖ ❖ ❖

એક તરસ્યો માણસ (સાલિક: સત્ય શોધક) એક નિર્મળ ઝરણાના કિનારે ઊભો છે.
તેની અને ઝરણાની વચ્ચે એક ઊંચી દીવાલ હોવાથી તે એ ઝરણા સુધી પહોંચી શકતો નથી તેથી તે પેલી દીવાલની ટોચ ઉપર ચડી જાય છે અને આવેશપૂર્વક એક ઈંટ ઉખેડી પાણીમાં ફેંકે છે.
કોઇ પ્રિય મિત્રની મધુર વાણી સાંભળતો હોય એમ પેલો તરસ્યો માણસ પાણીનો મીઠો અવાજ સાંભળે છે અને જાણે શરાબ પીતો હોય એવો નશો અનુભવે છે.
એક પછી એક ઈંટ એ ઉખેડે છે અને પાણીમાં નાંખતો જાય છે. પાણી એને પૂછે છે:
"હે ભલા માણસ! આવું કરવામાં તને શું મજા આવે છે?"
તરસ્યો માણસ જવાબ આપે છે:
"બે પ્રકારની મજા આવે છે: એક તો પાણીનો મીઠો અવાજ સાંભળવાનો મળે છે જે મારા જેવા તરસ્યાના કાન માટે મધુરગીતની ગરજ સારે છે અને બીજું પ્રત્યેક ઈંટ જેને હું દીવાલેથી ઉખેડી પાણીમાં નાંખું છું તે મને ધીમે ધીમે પાણીની નજીક લઇ જઇ રહી છે."

આ રૂપકને સમજીએ તો: દીવાલને તોડી નાંખવાથી તરસ્યા માણસ અને પાણી વચ્ચે જે જુદાઇ છે તે દૂર થાય છે અને **વસ્લ** અર્થાત મિલન નસીબ થાય છે. જેટલી સત્યશોધકની પ્યાસ વધારે તેટલી વધારે ઝડપથી તે પેલી દીવાલને જે તેને પાણીથી દૂર, અલગ રાખે છે, તેને તોડીફોડીને ફેંકી દેશે. જેટલી તીવ્ર તૃષ્ણા એટલી જ વધારે વ્યાકુળતાથી, મક્કાની તપ્ત ધરતી પર સફા અને મરવાની ટેકરીઓ વચ્ચે પાણીની શોધમાં આંટાફેરા કરતી બેબાકળી બીબી હાજરાના જેવી, જીવનરણમાં

આમતેમ રઝળતી આપણી તલાશ... અને છેલ્લે બીબી હાજરાને હાથ લાગ્યું હતું તેવું તૃપ્તિ સ્વરૂપ ઝમ ઝમનું કોઇ અવિરત વહેતું પવિત્ર ઝરણું આપણા હાથ પણ લાગી જાય અને આપણી તૃષ્ણાનું શમન થઇ જાય તો આપણું અહોભાગ્ય!

આપણે આ પથ્થરિયા દીવાલને તોડવાની છે, અહમ અર્થાત હુંપદની એ દીવાલની ઈંટો એટલે આપણામાં રહેલી હલકી વૃત્તિઓ: મોહ-માયાની વૃત્તિ, લોભ-લાલચની વૃત્તિ, ઈર્ષ્યા-અદેખાઇની વૃત્તિ, ગર્વ-અહંકારની વૃત્તિ, વેર-ઝેર-કુસંપની વૃત્તિ, નિંદા અને ચાડી-ચુગલીની વૃત્તિ, કામ અને ક્રોધની વૃત્તિ, સ્વાર્થ અને અપ્રામાણિકતાની વૃત્તિ. બીજા શબ્દોમાં આપણામાં રહેલા પેલા **ષડ્ રિપુઓ**, આપણા આંતરિક શત્રુઓ: કામ, ક્રોધ, લોભ, મોહ, મદ અને મત્સર. એ શત્રુઓને હરાવવાના છે. આના જ અનુસંધાનમાં સૂફી સંતોએ કહ્યું છે કે: પાંચ પંદરને *'બહાર'* કાઢ અને એકને *'અંદર'* દાખલ કર!

આ પાંચ પંદર હલકી વૃત્તિઓને, આપણા આંતરિક શત્રુઓને પ્રથમ બહાર કાઢીએ અને અંદરથી ખાલીખમ બની જઇએ પછીજ પેલા એકને અંદર પ્રવેશવા માટે જગ્યા થાય છે.

ઈમામ ગઝાલીએ પણ "કીમિયાએ સઆદત"માં બાહ્ય ઈબાદતો અને પ્રાર્થનાઓની આવશ્યક્તા સમજાવ્યા બાદ આધ્યાત્મિક વિષયની ચર્ચા હેઠળ દિલને અજવાળવા માટે આવી પાંચ પંદર હલકી વૃત્તિઓને દિલમાંથી સમૂળગો જાકારો આપ્યા પછી તેમની જગ્યાએ: સબર અને શુકર; ત્યાગ અને બલિદાન; ધીરજ અને સંતોષ; તોબા (પશ્ચાતાપ) અને તકવા (અલ્લાહનો ડર); પવિત્રતા અને નિસ્વાર્થતા, પ્રેમ અને ભક્તિ, વિનય અને વિવેક, સેવા અને નમ્રતા, શ્રદ્ધા અને સત્યતા જેવા સદ્ગુણોના આભુષણથી દિલને શણગારવાનું સમજાવ્યું છે.

મવલાના રૂમી અને એમના જેવા અન્ય સૂફીસંતોએ દિલ પર ચડી ગયેલા ગફલત અને ગુનાઓના જૂના કાટને માલિકની સભાનતાપૂર્વકની યાદ અને ઝિકરથી દૂર કરી એને સ્વચ્છ આયના જેવું ચળકતું કરવાની આવી સરળતાથી સમજાય એવી વ્યાવહારિક ફોર્મ્યુલા આપણને આપી છે. એને અપનાવી સત્યની શોધના માર્ગે આગળ ચાલીએ તો દિલમાં અલ્લાહના નૂરની ચમક પેદા થાય અને દીન સાથે આપણી દુનિયા પણ સુધરી જાય એ નક્કી છે.

છેલ્લે શેખ સા'દીના "ગુલિસ્તાં"માં વાંચેલું યાદ આવે છે:

***"બે પ્રકારના માણસો પસ્તાવો લઈને મરી જશે: એક તો તે જેની પાસે પુષ્કળ ધન હતું પણ વાપર્યું નહીં અને બીજો તે જેની પાસે ખૂબ જ્ઞાન હતું પણ તેના ઉપર અમલ કર્યો નહીં."***

આવો પસ્તાવો લઈને ન જવું પડે એ માટે, સર્જનહારની સમીપ સરળતા અને સહજતાથી સરકી જવા જે બે વસ્તુઓની આવશ્યક્તા છે તે **નિર્મળ હ્રદય** અને **અંત:કરણની શુદ્ધિ** માટે આપણે જે કંઇ જાણીએ છીએ તેના પર અમલ કરતા થઇ જઇએ એમાં જ આપણી ભલાઇ છે. માલિક એમાં આપણા સૌની મદદ કરે એજ દુઆ સાથે...

*'મહેક' ટંકારવી* — *૩૧ ડિસેમ્બર ૨૦૦૫*

# જીવનના પાંસઠમા વર્ષે પાંસઠ ગઝલો...
# કઈ ગઝલ કયા પાને...


૧. આપી તો પ્યાસ અમને ..............24
૨. પ્યાસ ભટકે છે ........................25
૩. અજવાળું ..............................26
૪. આંખો રડી પડી અને .................27
૫. એકાંતમાં ..............................28
૬. રવિવાર ................................29
૭. તારી તલાશમાં .......................30
૮. એ નામનું ગુલાબ .....................31
૯. રોશનીની વાત ન કર .................32
૧૦. दुनिया रेनबसेरा है ..................33
૧૧. મનને જો માપી શકું ...............34
૧૨. પ્રતિબિંબને પિછાણી લે ...........35
૧૩. તે પ્યારની વાતો શું જાણે ..........36
૧૪. મદ વિના, મદિરા વિના ...........37
૧૫. એક ઠોકર રાહની ..................38
૧૬. પડદો પડી જશે ....................39
૧૭. ફૂલો બિછાવીએ આવો ............40
૧૮. ખસેડી લો દર્પણને .................41
૧૯. આયનો બતલાવવા આવી! .......42
૨૦. હું એનું દ્વાર માંગું છું ..............43
૨૧. ઢાઈ અક્ષરની ગઝલ ...............44
૨૨. સૂર્ય સળગાવી ગયા ................45
૨૩. અમે પિંજરના પંખી ...............46
૨૪. પ્રેમના પાઠો ........................47
૨૫. હું મહેક પ્રસારું છું .................48
૨૬. ના અહીં સત્સંગ છે .................49
૨૭. જિંદગી ખાલી ખાલી ...............50
૨૮. મુહોબત કરી છે.....................51
૨૯. ઓ જમાના શરમ શરમ! .........52
૩૦. ઈબાદત કરી છે .....................53
૩૧. પ્રેમનું તાપણું .......................54
૩૨. હવે ક્યાં જઈશું?....................55
૩૩. શું કરશું?...........................56
૩૪. જાણે કે ફૂગ્ગો ફૂલેલો! .............57
૩૫. હે મનવા! ..........................58
૩૬. આજનો માણસ .....................59
૩૭. કેટલી ભારે ભીડ જામી છે! .......60
૩૮. જીભ અટકી છતાં ..................61
૩૯. તે ગલી ના રહી! ...................62
૪૦. ડોલરના દેશમાં .....................63
૪૧. ખાલી થઇ ગયા! ...................64
૪૨. તે ગામ શોધું છું ....................65
૪૩. કાંટા થઈને .........................66
૪૪. સમંદર મળશે ......................67
૪૫. આંખો ક્યાં છે ......................68
૪૬. ઈશ્કની આગ .......................69
૪૭. ભીખ માંગો તો .....................70
૪૮. કોણ મ્હેકાવી શકે? ................71
૪૯. ક્યાં ક્યાં સુધી ગયા?...............72
૫૦. છાપરી ખોવાઈ ગઈ! .............73
૫૧. તને અર્પણ કરું .....................74
૫૨. લૂંટાયા લાખ વેળા પણ ............75
૫૩. માનવીનું ચિત્ર .....................76
૫૪. મીઠું મીઠું બોલીએ .................77
૫૫. અહીં મુકામ ન કર! ................78
૫૬. જખ્મોની મીનાકારી છે .............79
૫૭. હું છું ને તું છે .......................80
૫૮. ઝેરનું મારણ દઈ જા! ..............81
૫૯. મજા આવે છે ......................82
૬૦. જિંદગીની ચાર ઘડી .................83
૬૧. દરિયાથી દિલ્લગી છે તો ...........84
૬૨. મયકદાને છોડી દે! .................85
૬૩. આઝાદીના પચાસમા વર્ષે .........86
૬૪. માણસને શું થઇ ગયું છે! ......... 89
૬૫. હું ઈદ મનાવું શી રીતે! ............92

## આપી તો પ્યાસ અમને...

આપી તો પ્યાસ અમને પ્યાસા હરણની આપી
ને જિંદગી સળગતા વેરાન રણની આપી

નજરોથી દૂર મંઝિલ, રસ્તા કઠિન તેં આપ્યા
બળતા બપોરે સંગત સૂકા ઝરણની આપી

સ્વપ્નો તણી ખુશી પણ દુનિયાએ લૂંટી લીધી
રાતો વિરહ-વ્યથાની ને જાગરણની આપી

નિશ્વાસ ઉરને દીધા, જખ્મો જિગરને આપ્યા
આંખોને રોશની પણ શી અશ્રુકણની આપી

દુ:ખદર્દ વેદનાની નો'તી કમી જીવનમાં
શાને ખુદા તેં કપરી ઘડીઓ મરણની આપી

રચવી હતી કથાઓ, કરવા'તા જો તમાશા
શાને આ જિંદગી તેં બે ચાર ક્ષણની આપી

નાહક 'મહેક'ને આ નિષ્ઠુર જગત મહીં તેં
કોમળ આ લાગણીઓ અંત:કરણની આપી

*પ્રથમ ગઝલસંગ્રહ "પ્યાસ"માંથી.*

## પ્યાસ ભટકે છે...

આરજૂઓ ઉદાસ ભટકે છે
આશ થઈને નિરાશ ભટકે છે

સૂક્કાં, સળગી રહેલ રણ માંહે
પ્યાસા હરણાંની પ્યાસ ભટકે છે

એમ ઉજડેલ મારા જીવનમાં
સ્મૃતિઓની સુવાસ ભટકે છે

કોઈ ઉજડી ગયેલ ઉપવનમાં
જાણે ફૂલોની વાસ ભટકે છે

દિલ મહીં મારા એક મુદ્દતથી
દર્દગમની અમાસ ભટકે છે

સૂર્ય ડૂબી ગયો છે દરિયામાં
તોય એનો ઉજાસ ભટકે છે

આવી આવી વમળ 'મહેક' આજે
નાવની આસપાસ ભટકે છે

*પ્રથમ ગઝલસંગ્રહ "પ્યાસ"માંથી.*

## અજવાળું

કેમ ભટકી રહ્યું છે અજવાળું
રાહ ભૂલી ગયું છે અજવાળું

રોશની એટલી વધી ગઇ કે
આંધળું થઇ ગયું છે અજવાળું

જ્યાંથી આવ્યું'તું ત્યાંજ પાછું હવે
આખરે જઇ રહ્યું છે અજવાળું

દૂર કરવા જતાં તિમિરને જુઓ
ખુદ આ ઝાંખું થયું છે અજવાળું

આવ કે આપણે રડી લઇએ
દૂર ચાલી ગયું છે અજવાળું

જ્યોત અંતરની ઝળહળે છે 'મહેક'
દૂર છોને થયું છે અજવાળું

*પ્રથમ ગઝલસંગ્રહ "પ્યાસ"માંથી.*

## આંખો રડી પડી અને...

આંખો રડી પડી અને રેલાય છે અવાજ
છે બંધ હોઠ તોય વહી જાય છે અવાજ

બોલ્યાં તમે એ વાતને વર્ષો થઇ ગયાં
દિલમાં હજીય કેમ એ પડઘાય છે અવાજ

નહિતર આ અંધકારમાં રસ્તો જડે નહીં
થઈને પ્રકાશ કોઈનો પથરાય છે અવાજ

છે એમનાથી તો એ પરિચિત ઘણો છતાં
દિલની છે વાત એટલે શરમાય છે અવાજ

હોઠોનું સ્મિત, આંખના મદમસ્ત ઈશારા
શબ્દો વિનાય આજ તો સંભળાય છે અવાજ

દિલની દીવાલો ગુંજતી થઇ જાય છે 'મહેક'
જો એની યાદનો કદી અથડાય છે અવાજ

*પ્રથમ ગઝલસંગ્રહ "પ્યાસ"માંથી.*
*આ ગઝલને મનહર ઉધાસનો કંઠ મળ્યો છે અને તેમના "અવાજ"*
*નામના આલ્બમમાં સ્થાન મળ્યું છે જે મારા માટે આનંદની વાત છે.*

# એકાંતમાં

દિલમાં કંઈ કંઈ થાય છે એકાંતમાં
મન ઘણું મૂંઝાય છે એકાંતમાં

ભૂલવા જેને ચહું છું એ જ તો
યાદ આવી જાય છે એકાંતમાં

ભૂતના ભૂલાયલા પડઘાઓ પણ
કાન પર અથડાય છે એકાંતમાં

અવનવી કંઈ ઊર્મિઓની દિલ મહીં
ભીડ જામી જાય છે એકાંતમાં

હું જ ને 'હું'નો પરિચય પણ જુઓ
થાય છે તો થાય છે એકાંતમાં

કામનાના સુપ્ત કીડાઓ 'મહેક'
નિત્ય જાગી જાય છે એકાંતમાં

*પ્રથમ ગઝલસંગ્રહ "પ્યાસ"માંથી.*

# રવિવાર

થન થન કરીને નાચતો આવે છે રવિવાર
આનંદ, મુક્તિ, તાજગી લાવે છે રવિવાર

કંઇ કેટલાં વિખૂટાં મિલાવે છે રવિવાર
ભૂલી બધુંયે ઇદ મનાવે છે રવિવાર

ઓળંગી દીવાલો કોઇ કેદીની પેઠ એ
સાંજે ઘરોથી નીકળી નાસે છે રવિવાર

ઊભરાય છે સડકો ને સિનેમાઘરો બધે
હર હર જગાએ શ્હેરમાં મ્હાલે છે રવિવાર

ઊતરે છે જાણે આભથી પરીઓનાં ઝુંડ ઝુંડ
ખુશબોમાં તરબતર થઇ નાચે છે રવિવાર

થઈને અપંગ ખાલી ઘરોમાં પુરાયલો
ખાંસે ઘડી ઘડી અને હાંફે છે રવિવાર

ઘસડાય છે નિજ ધામ પ્રતિ અંધકારમાં
થઇ લોથપોથ નીંદમાં પોઢે છે રવિવાર

મુડદાં બધાંયે જીવતાં થઇ જાય છે 'મહેક'
સંજીવની અજબની લઇ આવે છે રવિવાર

*પ્રથમ ગઝલસંગ્રહ "પ્યાસ"માંથી.*

## તારી તલાશમાં

વીતે છે જિંદગી હવે તારી તલાશમાં
કુરબાન હર ઘડી હવે તારી તલાશમાં

કાગળની આ ક્ષિતિજને ઓળંગી જાય છે
શબ્દો કદી કદી હવે તારી તલાશમાં

પગલાં થશેની શકયતાનો છે પ્રસંગ રાત
પથરાય ચાંદની હવે તારી તલાશમાં

આકાશ છે અપલક ને અનિમેષ છે ધરતી
છે કોણ જે નથી હવે તારી તલાશમાં

આ રુંવે રુંવે કોણ સતત ખળભળે 'મહેક'
નીકળી પડી નદી હવે તારી તલાશમાં

*બીજા ગઝલસંગ્રહ "તલાશ"માંથી.*

## એ નામનું ગુલાબ...

ઓઢીને તારલાઓ ચમકતું નથી હવે
પ્હેરીને ચાંદની કોઇ હસતું નથી હવે

જે જીવતો હતો તે ઝરૂખો મરી ગયો
બેસીને એમાં હુસ્ન મલકતું નથી

એના મહીંથી ઊડી ગયું છે પતંગિયું
મન રૂપરંગ જોઇ ઊછળતું નથી હવે

એવી તો વાસ્તવિક્તા વસી ગઇ નજર મહીં
આંખોમાં એકે સ્વપ્ન ફરકતું નથી હવે

મળશે ન કયાંય આપને સંબંધની સુવાસ
એ નામનું ગુલાબ તો ખીલતું નથી હવે

એકલતાનો પહાડ ઉપાડી ફર્યા કરું
શિખર આ ક્ષુબ્ધતાનું પીગળતું નથી હવે

*બીજા ગઝલસંગ્રહ "તલાશ"માંથી.*

## રોશનીની વાત ન કર...

સમજશે કોઇ નહીં દિલ્લગીની વાત ન કર
સીવી લે હોઠ ખુશી કે ગમીની વાત ન કર

હું દિલનો, દર્દનો, ગમનો, જખમનો આશિક છું
નથી સબંધ ખુશીથી, ખુશીની વાત ન કર

બધાયે કુંડ અહીં લાગણીના સૂક્કા છે
ન મળશે લાગણી તું લાગણીની વાત ન કર

એ અંધકારના દરિયાઓ પીને બેઠું છે
ઘુવડની સામે કદી રોશનીની વાત ન કર

હવે નજીકમાં ઓળા ઉતરશે મૃત્યુના
સૂરજના અસ્ત સમે જિંદગીની વાત ન કર

ભરી ભરી હરિરસની મેં પ્યાલીઓ પીધી
તું મારી પાસે હવે મયકશીની વાત ન કર

ન જેમાં દિલ ઝૂકે મસ્તકની સાથ સાથ 'મહેક'
તું એવા સિજદા અને બંદગીની વાત ન કર

*બીજા ગઝલસંગ્રહ "તલાશ"માંથી.*

## दुनिया रेनबसेरा है

એક મુસાફર છું હું, ધર્મશાળા મહીં
જીવ મારો ન લાગે તો હું શું કરું
બે ઘડી છે ઉતારો, ઉતારા મહીં
જીવ મારો ન લાગે તો હું શું કરું

જેને ધોખો કહે છે એ ધોખા વિષે
વાત હું શું કરૂં ફાની દુનિયા વિષે
એક તમાશો છે દુનિયા તમાશા મહીં
જીવ મારો ન લાગે તો હું શું કરું

હું તો મઝધારને ચાહનારો રહ્યો
જિંદગી મારી મઝધારમાં મોત પણ
શાંત સાગરના સૂના કિનારા મહીં
જીવ મારો ન લાગે તો હું શું કરું

સોના ચાંદીની જાગીરથી પણ વધુ
ગમની દોલત મળી છે મને ભાગ્યમાં
વિશ્વના કોઈ કીમતી ખજાના મહીં
જીવ મારો ન લાગે તો હું શું કરું

દિલ હતું લઈ લીધું તેં જ કામણ કરી
ને કર્યો તેં દીવાનો મને પ્રેમનો
લે હવે તારા વિણ કોઈ બીજા મહીં
જીવ મારો ન લાગે તો હું શું કરું

*બીજા ગઝલસંગ્રહ "તલાશ"માંથી.*

## મનને જો માપી શકું...

ચીભડાની જેમ હું કાપી શકું
મનને ખેતર જેમ જો માપી શકું

થઈ જશે અફવાઓનું ઠંડું બજાર
પત્ર તો લખ્યો છે, જો નાંખી શકું

બાગમાંથી ચૂંટી લાવ્યો છું ગુલાબ
જો કરી હિંમત તને આપી શકું

આબરૂ સચવાઈ જાશે આપની
વાત દિલની દિલમાં જો રાખી શકું

આપ બેઠાં હો ઝરૂખામાં અને
ચાંદની થઈને હું ત્યાં વ્યાપી શકું

તો પછી થઈ જાય દિલમાં રોશની
પ્રેમની સ્વિચને જો હું દાબી શકું

ચાલશે તમને પછી મારા વગર
વાત એ હું કઇ રીતે માની શકું

ખ્વાહિશો શૅમ્પેઈનની છે બાટલી
સળવળી ઊઠે તો ના દાબી શકું

મન વસન્તી કો પતંગિયું છે 'મહેક'
સ્થિર કઇ રીતે કહો રાખી શકું

## પ્રતિબિંબને પિછાણી લે

તું નથી જેને જુએ રોજ એ તું જાણી લે
આયનો તોડ, પ્રતિબિંબને પિછાણી લે

જોઈએ કોણ બચાવે છે બદનસીબીથી
નાવ પણ આપણી તો થઈ ગઈ છે કાણી લે

પ્રેમની ઓઢીને ચાદર બહાર નીકળી જા
બર્ફિલી સાંજની શીતળતાને ય માણી લે

આજતક તો બધી દુનિયાની ખબર રાખી છે
બસ હવે તારી ખબર રાખ, ખુદને જાણી લે

કોઈનાં આંસુઓ એમાં જરૂર ટપક્યાં છે
થઈ ગયું ગામ કૂવાનું ય ખારૂં પાણી લે

અંતમાં હોઠ બધાના રહી ગયા પ્યાસા
જે હતું એ બધું તો ઝાંઝવાનું પાણી લે

આવે યમદૂત હુકમ લઈને એ પ્હેલાંજ 'મહેક'
આંખને બંધ કરી દે ને કફન તાણી લે

## તે પ્યારની વાતો શું જાણે

દિલ હોય નહીં, ના હોય દરદ, દિલદારની વાતો શું જાણે
ના હોય જિગર, ના હોય જખમ તે પ્યારની વાતો શું જાણે

મીરાંની જે ભક્તિ ના સમજે, જે દર્દ ન જાણે મીરાંનું
તે ઝેર કટોરા પીને પણ જીવનારની વાતો શું જાણે

સમજે ન ફકીરોની મસ્તી, મદમસ્ત કલંદરની હસ્તી
તે શૂળી ચઢી મન્સૂર તણા લલકારની વાતો શું જાણે

ગફલતની જે ચાદર તાણીને આરામથી રાતે ઊંઘે છે
તે યાદમાં તારી જાગીને રડનારની વાતો શું જાણે

ના પ્રેમ કદી કર્યો જેણે, ના આહ ભરી ફરિયાદ કરી
તે હાથ મહીં અંગાર લઇ ફરનારની વાતો શું જાણે

રણમાં જે રહીને મૃગજળથી બસ પ્રેમ કરીને બેઠા છે
તે પાણી વહેતાં ઝરણાંનું પીનારની વાતો શું જાણે

*આ ગઝલની ઈસ્લાહ માટે બાટલી, વેસ્ટ યોર્કશાયરના*
*માહિરે ફન જનાબ નાદિર લાજપૂરી સાહેબનો ઋણી છું*

## મદ વિના, મદિરા વિના...

એમ તો ક્હેવાને બે આંખો મળી'તી પ્યારમાં
જિંદગી બસ ત્યારથી ડૂબી છે અશ્રુધારમાં

એ હકીકત આપણા જીવનની જાણે હોય ના
પ્રેમની જે વારતા વાંચી હતી અખબારમાં

મૉર આંબે, કોયલો ટહૂકી ને નાચ્યા મોર પણ
ના મળી અમને ઘડી ફુરસદ આ કારોબારમાં

નાચવા માંડે છે લોકો મદ વિના, મદિરા વિના
છે અજબની કેફિયત ત્યાં એમના દરબારમાં

હો ભરેલો જીવ તો છે ચેન ચપટી અન્નમાં
છે ઘણાં એવા કે જે ભૂખ્યા રહે ભંડારમાં

મન ભરીને માણી લો જીવનના મેળાની મજા
ખૂબ હિલ્લોળે ચડયો ઉલી જશે પલવારમાં

આખરે ખાલી જ રહ્યો આપણો પાલવ 'મહેક'
હાથ ના લાગ્યું કશું આ મૃગજળી સંસારમાં

## એક ઠોકર રાહની...

દિલ બિચારૂં સાવ ભોળું એને સમજાયું નહીં
કોણ દુશ્મન, દોસ્ત છે કોણ એજ પરખાયું નહીં

ટેરવે આવી ટકોરા રહી ગયા, હું શું કરું
ઉંબરે જઇને તો ઊભો, દ્વાર ઠોકાયું નહીં

આંગણે ગુલમૉર ખીલ્યો, ખુદ હવા રંગાઇ ગઇ
એક હું કે વસ્ત્ર મારું લાલ રંગાયું નહીં

આ જગતને તો અમારી હર અદા પ્યારી હતી
હાય! ખુદ અમને અમારું મૂલ્ય સમજાયું નહીં

ઘર મહીં દીવો ને દોડયા બ્હાર સૂરજ શોધવા
ને પછી અંજાયા એવા કંઇજ દેખાયું નહીં

અંત વેળા પણ તમારી આબરૂ મેં સાચવી
પૂછતા રહ્યા બધા પણ નામ બતલાવ્યું નહીં

એક ઠોકર રાહની ભારે પડી અમને 'મહેક'
બે કદમ છેટે હતી મંઝિલ ને પ્હોંચાયું નહીં

## પડદો પડી જશે...

તેથી જ ખુલ્લું મૂકી દીધું દ્વાર છે અહીં
આમદ દુ:ખોની દિલમાં લગાતાર છે અહીં

હે જીવ લે આ મિત્ર તો નાદાન નીકળ્યા
સારૂં થયું કે શત્રુ સમજદાર છે અહીં

મળતા રહે મળીને વળી મારતા રહે
કહેવાને તો આ લોક મિલનસાર છે અહીં

કોના તરફ બતાવ આ ચીંધીશું આંગળી
કે આપણે બધા જ ગુનેગાર છે અહીં

છે તેજ અશ્વ જેવી આ ઈચ્છાઓ આપણી
ને આપણે તો આંધળા અસવાર છે અહીં

જોજે કે જોતજોતામાં પડદો પડી જશે
આ જિંદગીનો ખેલ ઘડીવાર છે અહીં

જે દિ'થી તારી યાદના દીવા બુઝી ગયા
સૂરજ તો ઊગે રોજ પણ અંધાર છે અહીં

તરસી રહ્યા છે લોક આ મૃગજળના મુલ્કમાં
ચોમેર પ્યાસ પ્યાસના પોકાર છે અહીં

તારી જ કૃપાઓના તરાપે તરી જશું
જોકે ગુનાહનો તો ઘણો ભાર છે અહીં

ડૂબ્યા વિના તો પ્યાસ બુઝાશે નહીં 'મહેક'
આવો અહીં જ ડૂબીએ, મઝધાર છે અહીં

## ફૂલો બિછાવીએ આવો...

જીવનનું ચિત્ર એ રીતે સજાવીએ આવો
અસલ જે રંગ છે તેને લગાવીએ આવો

જીવનમાં સ્પર્શ કદી ફૂલ શો ન આપી શકયા
કબર ઉપર હવે ફૂલો બિછાવીએ આવો

ભલેને આપણી પાસે બીજાું કશુંયે નથી
મતામાં ગમ છે તો ગમને લૂંટાવીએ આવો

બધાંયે નામ ભૂંસી નાંખી કોરી સ્લેટ ઉપર
ફરી ફરીથી અલિફને ઘૂંટાવીએ આવો

ઉકેલી જોઇએ ઉકલે તો ગૂંચ જાુલ્ફોની
મિલનની રાત એ રીતે વીતાવીએ આવો

'મહેક' સાચી તરસ તો હવે જ લાગી છે
હવે તો સાકીને જઇને મનાવીએ આવો

## ખસેડી લો દર્પણને...

તમારે ભરોસે બનાવી શકું છું
હું રેતીના મ્હેલો સજાવી શકું છું

હતી ભીડ અંદર તે ઓછી થઈ છે
હવે તમને ઘરમાં વસાવી શકું છું

ખસેડી લો દર્પણને સામેથી મારી
હું ક્યાં ખુદને ચ્હેરો બતાવી શકું છું

ભરૂં છું હું જાતેજ નિજ ઘરમાં પ્હેરો
હું જાતેજ ખુદને ડરાવી શકું છું

મળી ગઈ ચમક એમની આંખની લો
નજર જ્યાં કરું ઝળહળાવી શકું છું

હથેળીમાં ચિનગારી લઈને ફરૂં છું
કહો ત્યાં હું ધૂણી ધખાવી શકું છું

'મહેક'ને બીજું તો કશું આવડે ના
ફકત ઢાઈ અક્ષર ભણાવી શકું છું

## આયનો બતલાવવા આવી!

અમે થોડુંક ચાલ્યા માર્ગમાં ત્યાંતો દ્વિધા આવી
વળાંકો લે ઘણાં રસ્તાઓ જ્યાંથી તે જગા આવી

મનોમન ખૂબ મૂંઝાયા મળે અણસાર તો સારું
બનીને માર્ગદર્શક આપની ત્યાંતો કૃપા આવી

અમે તોડી જો તોબા તો અમારો વાંક ના કાઢો
તમે જુલ્ફો વિખેરી તો ઘટા આવી, સુરા આવી

ખસી રહ્યો છે ઘૂંઘટ એમના સુંદર વદન પરથી
કબુલ મારી દુઆ થઈ કે પછી મારી કજા આવી

હજારો ગમના લીરા કોતરી ચ્હેરા ઉપર મારા
મને આ જુલમી દુનિયા આયનો બતલાવવા આવી

બતાવું બંધ મુઠ્ઠીમાં અમે શું લઈને આવ્યા'તા
હતી ચપટી જ રેતી તે હવે સરકી જવા આવી

હવે બેકાર છે મીંડું મૂકો કે એકડો પાછળ
હતી નિશ્ચિત ગણતરી શ્વાસની પૂરી થવા આવી

ખબર ક્યારે ન લીધી દિલની હાલત ના કદી પૂછી
હવે આ ભાઈબંધી લો મને દફનાવવા આવી

ખુદા જાણે અમારાથી તમે ક્યાં જઈને સંતાયાં
અમે જીવ્યા પરંતુ જીવવામાં ના મજા આવી

રહ્યું ખુદનું ય જ્યારે ભાન ના મુજને પ્રણયપંથે
'મહેક' ત્યારે બધી દુનિયા મને સમજાવવા આવી

## હું એનું દ્વાર માંગું છું

તમે મુજ દર્દનો ઉપચાર, હું ઉપચાર માંગું છું
કરી દો એટલો ઉપકાર, હું ઉપકાર માંગું છું

જીવનની એજ તો મોંઘી મતા છે, જીવવા માટે
હું થોડી લાગણી અંતરની, થોડો પ્યાર માંગું છું

ઘડીભર તો બિચારા દિલને છૂટકારો મળે ગમથી
વધુ તો નહિ, ખુશીના અવસરો બેચાર માંગું છું

ફસાયો છું હું બુદ્ધિના ચમત્કારિક ફરેબોમાં
ઉપાડી લે મને હે આસ્થા આધાર માંગું છું

ઘણું એવું છે જે દેખાય ના દીવા બળે તોયે
ઠગારી રોશનીથી થાકીને અંધકાર માંગું છું

તમારી ચાહના જુદી ને મારી ભાવના જુદી
તમે માંગો ગલી એની, હું એનું દ્વાર માંગું છું

નથી મંજૂર ડૂબી જાઉં હું આવી કિનારા પર
નસીબે ડૂબવાનું હોય તો મઝધાર માંગું છું

ઉપાડી બોજ હું આ વાસ્તવિક્તાનો 'મહેક' થાકયો
હવે તો મીઠાં સપનાંઓની હું વણઝાર માંગું છું

## ઢાઈ અક્ષરની ગઝલ...

મોર ટહુકાઓ શમી જાય તો કે'વાય નહીં
સીમ સૂનકાર બની જાય તો કે'વાય નહીં

માણસે ઝેર હવાઓમાં ભરી દીધું છે
શ્હેરમાં શ્વાસ ન લેવાય તો કે'વાય નહીં

આગ નફરતની લગાડી છે તમે ચારે તરફ
ઘર તમારૂં ય બળી જાય તો કે'વાય નહીં

ડંગ બીટલને ગુલાબોમાં તો લઇ આવ્યા છો
ફૂલમાં ખુશબો ન દેખાય તો કે'વાય નહીં

એક દરવેશ દુઆ દઇને ગયો છે આજે
આપણું કામ બની જાય તો કે'વાય નહીં

ઢાઈ અક્ષરની લખી બેઠો ગઝલ આજ 'મહેક'
ઢાઈ અક્ષર ન ઉકેલાય તો કે'વાય નહીં

## સૂર્ય સળગાવી ગયા

જ્યાં હતો અંધકાર ત્યાં એક સૂર્ય સળગાવી ગયા
પંથ ભૂલેલાને સીધી રાહ બતલાવી ગયા

પ્રેમ દીવાના, તમા દુનિયાની રાખી ના કદી
જળ મહીં ને તોય કોરા, મર્મ સમજાવી ગયા

છે બધે પાણી જ પાણી પણ તરસ છીપે નહીં
મૃગજળોના દેશમાં કયાંથી અમે આવી ગયા

ના કર્યો મિત્રોએ મારા દિલની ધડકનનો વિચાર
જે ગલીમાં એ રહે છે ત્યાંજ બોલાવી ગયા

એમ તો એ ના મરી આ મારી ઈચ્છાઓ કદી
મારી સાથે એમને પણ લોક દફનાવી ગયા

બાગના ચાહક અમે રાખ્યો કદી ના ભેદભાવ
કંટકોનો પણ અમે તો સાથ નિભાવી ગયા

છે ઘણાં એવા કિનારે બેસીને જોતા રહ્યા
જે ‘મહેક’ ડૂબી ગયા, ફાવી ગયા, ફાવી ગયા

## અમે પિંજરના પંખી...

અમે પિંજરના પંખી, મન અમારું તો ચમનમાં છે
વતનથી દૂર પણ દિલ તો હમેશાં બસ વતનમાં છે

મને આ દૂરતાની ટેકરી પર બેસી રહેવા દો
મજા જે દૂર ર્હેવામાં છે તે ક્યારે મિલનમાં છે

અહીં માનવને માટે દર્દની ઓળખ જરૂરી છે
ઈબાદત કાજ તો લાખો ફરિશ્તાઓ ગગનમાં છે

તમે નાહક વિતાવો જિન્દગી એના જતનમાં કે-
બધીયે આરજૂઓ અંતે વીંટાઈ કફનમાં છે

'મહેક' ના હોઠ પર મલકાટ છે, આંખો ઢળેલી છે
જગાડો ના, એ શાયદ કોઈના મીઠા સપનમાં છે

# પ્રેમના પાઠો

વેદના Caesar ની ત્યારે યાદ આવી જાય છે
દોસ્ત ખંજર પીઠ પાછળથી હુલાવી જાય છે

રેતકણને જો નિચોવું ટીપું મૃગજળ નીકળે
પ્યાસ તો એમાંયે દરિયાઓ બતાવી જાય છે

આપની દ્દષ્ટિનું મળ્યું તેજ એને જ્યારથી
આ નજર મારી ક્ષિતિજોને વટાવી જાય છે

સાંજ વેળાનો આ કલરવ, મોર ટહુકે કોયલો
કોણ આવીને ઝિકર સૌને કરાવી જાય છે

લાખ સિજદા ને રૂકૂઅ્ પણ જ્યાં રહે છે બેઅસર
અર્શને એક આહ કે આંસુ હલાવી જાય છે

ચોતરફ શત્રુ છતાં પણ એક થઇ શકયા નહીં
આપણો વિખવાદ આપણને હરાવી જાય છે

ઠોઠ આ નિશાળિયા પણ થઇ ગયા સૌ હોશિયાર
જ્યારથી તું પ્રેમના પાઠો ભણાવી જાય છે

આ કલમ કાગળ ભલેને હોય મારા હાથમાં
કોણ આવીને 'મહેક' ગઝલો લખાવી જાય છે

## હું મહેક પ્રસારું છું

મારી જ છબી મારા હાથોએ બનાવું છું
એક રંગ લગાડું છું, એક રંગ ઉતારૂં છું

ડર હોય તમોને જો, ઊઠીને જતા ર્હેજો
જખ્મોની કિતાબોનાં પાનાં હું ઊઘાડું છું

છે કાચની બંગડી સમ આ આપણાં સબંધો
તૂટી રખે ન જાયે, બ્હી બ્હીને નિભાવું છું

દુનિયાના ફરેબોની પ્હેચાન મળી ગઇ છે
દુનિયાને હવે તો હું, હાથોમાં રમાડું છું

ક્હી દો આ જમાનાને, તૈયાર કરે ફાંસી
મન્સૂરની માફક હું, અ્હાલેક જગાવું છું

ચંદન બની ઘૂંટાયો છું એમના હાથે હું
તેથી જ તો મ્હેફિલમાં, હું 'મહેક' પ્રસારૂં છું

## ના અહીં સત્સંગ છે...

નફસના ધોખામાં આવી જાય તો કે'વાય ના
આ ફકીરો પણ ફરેબો ખાય તો કે'વાય ના

એમ તો એ ત્યાગીને બેઠા છે કંચન-કામિની
સંતનો પણ જીવ છે, લલચાય તો કે'વાય ના

શ્વાસની આવનમાં તું, ને શ્વાસની જાવનમાં તું
બંધ શ્વાસોમાં ય તું સચવાય તો કે'વાય ના

એક પણ રાખ્યો નથી બાકી અમે દુ:ખનો ઈલાજ
દુ:ખ હવે તો ખુદ દવા થઈ જાય તો કે'વાય ના

લાખ હાથો વ્યસ્ત છે એક ગૂંચને ઉકેલવા
જુલ્ફ સુંવાળી વધુ ગૂંચવાય તો કે'વાય ના

ના અહીં સત્સંગ છે, ના રૂહની છે માવજત
આપણામાં બીડ ઊગી જાય તો કે'વાય ના

આ બધું ખેંચી કિનારા તક જે લઈ આવ્યા 'મહેક'
અંત વેળા વ્યર્થ એ દેખાય તો કે'વાય ના

## જિંદગી ખાલી ખાલી...

આ ઘર, આંગણું, આ ગલી ખાલી ખાલી
તમારા વિના જિંદગી ખાલી ખાલી

ન ગોરજ, ન પાદર, ન રાધા રહી છે
આ વાગી રહી વાંસળી ખાલી ખાલી

ન સાચી લગન છે, ન છે ધ્યાન સાચું
આ સિજદા, રૂકૂઅ્, બંદગી ખાલી ખાલી

નથી હૂંફ જેવું, નથી લાગણી પણ
આ સંબંધ, આ દોસ્તી ખાલી ખાલી

જવાનું તો છે ખાલી હાથે અહીંથી
'મહેક' દોડધામ આ બધી ખાલી ખાલી

## મુહોબત કરી છે...

ન પૂછો નયનમાં છે આ કેફ શાનો
અમે તો નશીલી મુહોબત કરી છે
કહું કેમ રસમય છે જીવન અમારૂં
અમે તો રસીલી મુહોબત કરી છે

અમારા જીવનમાં અજબ ખુશખુશાલી
છે સંધ્યાના રંગો, ઉષાની છે લાલી
અમે હેતની હોળીએ ખેલશું કે
અમે તો રંગીલી મુહોબત કરી છે

વસંતોનું રંગીન પ્હેરણ પહેરી
અમે ઘૂમશું હાથમાં લઇ ચમેલી
તમોને ય ખુશબોમાં તરબોળ કરશું
અમે મઘમઘેલી મુહોબત કરી છે

અમે ડર વિના જંગલોમાં ભટકશું
કહેશો તો જઇ ખોદશું પ્હાડને પણ
અમે હર્ષઘેલા, ન છે ભાન અમને
અમે પેલવેલ્લી મુહોબત કરી છે

અમે નાચવા માંડીએ ભરબજારે
અમે ગાઇએ ગીત એના મિલનનાં
રિવાજોની અમને જરાયે પડીના
અમે તો છકેલી મુહોબત કરી છે

ભલે કેદ પૂરો કે અગ્નિમાં નાંખો
ભલે શૂળીએ પણ ચઢાવો અમોને
નહીં મૂકીએ માર્ગ એની ગલીનો
અમે તો હઠીલી મુહોબત કરી છે

કટોરા અમે ઝેરના ઘોળીએ તો
અનલહક અનલહક અમે બોલીએ તો
તમે એમ સમજી ક્ષમા આપજો કે
અમે છેલવેલ્લી મુહોબત કરી છે

## ઓ જમાના શરમ શરમ!

ખાતાં રહ્યાં એ પ્રેમમાં કાયમ કસમ કસમ
દિલને રહ્યો તેથી જ વફાનો ભરમ ભરમ

મળશે જરા શી લાગણી, પલળી જશે તરત
દિલ તો અમારૂં સાવ છે પોચું, નરમ નરમ

આ ફૂલથી ખુશબોને મિટાવાની હરકતો
તારા હસદની હદ ઓ જમાના શરમ શરમ

નાહકની છે લડાઈ, છે નાહકની ખેંચતાણ
સૂક્કું છે હાડકું આ તમારો ધરમ ધરમ

લાલચ, પછી તે સ્વર્ગની પણ હોય નકામી
નિષ્કામ કરતો રહેજે 'મહેક' તું કરમ કરમ

## ઈબાદત કરી છે...

મળ્યા જેટલા ગમ, નફો સમજી રાખ્યા
અમે તો અનોખી તિજારત કરી છે
મળી જે ખુશી તે ખુશીને લૂંટાવી
અમે તો અનેરી સખાવત કરી છે

છે હાથોમાં ખંજર ને આંખોમાં નફરત
ન વિશ્વાસ છે કોઈને કોઈના પર
વતનવાસીઓ તમને શું થઈ ગયું છે
વતનની તમે કેવી હાલત કરી છે?

રહેવા દો આઝાદ અમને ચમનમાં
બની ક્રૂર પાંખો ન કાપો અમારી
"અમે એજ બુલબુલ છીએ જેમણે આ
ચમનની હમેશાં હિફાઝત કરી છે"

ન પૂછો અમારા સબંધો વિષે કે
તમારા સબંધો, અમારા સબંધો
કરી દોસ્તી તો તમારે જ કારણ
તમારે જ કારણ અદાવત કરી છે

તમે ભાનમાં લાખ સિજદા કર્યા તો
કહો શેખ એમાં નવું શું કર્યું છે
અમે રિન્દ, મસ્તાના હાલત છતાં પણ
સુરા હાથમાં ને ઈબાદત કરી છે

*એક શાયરની પંક્તિ પર પાદપૂર્તિ*

## પ્રેમનું તાપણું

દૂર કોરાપણાને કરવું છે
સ્નેહ વરસાદમાં પલળવું છે

લોક સાથે લડાઇ પૂરી થઇ
જાત સાથે હવે ઝઘડવું છે

કોણ રોકે છે? કોણ ટોકે છે?
છે જે ભીતરમાં તેને મળવું છે

શોધ લંબાય તો ભલે લંબાય
મન કહે છે હજી રઝળવું છે

નામ તારૂં લઈને જીવ્યો છું
નામ તારૂં લઈને મરવું છે

પ્રેમનું તાપણું કરીને 'મહેક'
મીણ થઈને હવે પીગળવું છે

## હવે કયાં જઈશું?

શ્હેર છે, શ્હેરમાં સૂનકાર હવે કયાં જઈશું?
ભીડ છે, ભીડમાં ભેંકાર હવે કયાં જઈશું?

આશ લઈ ઘેરથી નીકળ્યા'તા અમે ફૂલોની
રાહમાં છે બધેબધ ખાર હવે કયાં જઈશું?

મેહ વરસે છે મૂશળધાર ને વાદળ ગરજે
બંધ છે એમનું પણ દ્વાર હવે કયાં જઈશું?

મોહ છે, માયા છે, વહેવાર છે ચારેબાજુ
જ્યાં જુઓ ત્યાં બધે સંસાર હવે કયાં જઈશું?

સૌ ફસાયા છીએ તોફાન મહીં મધદરિયે
નાવમાં પણ છે ઘણો ભાર હવે કયાં જઈશું

થઈ ગયું જુદું આ નગરીનું ચલણ આજ 'મહેક'
ખૂબ મોંઘો છે અહીં પ્યાર હવે કયાં જઈશું?

# શું કરશું?

આપણા હાથમાં રેતીના છે કણ શું કરશું
પાણીની જેમ વહી જાય છે ક્ષણ શું કરશું

એજ તૃષા ને વળી એજ છે રણ શું કરશું
વીરડી સૂકી ને સૂક્કાં છે ઝરણ શું કરશું

આપણે મૃગજળો પાછળ દિવસ ને રાત પડયા
ને પડયું આપણી પાછળ તો મરણ શું કરશું

એ ખરૂં દૂર નથી એમનું ઘર અહીંયાંથી
આંખ થાકી છે ને થાકયાં છે ચરણ શું કરશું

મોકલે રોજ એ ખત ને જવાબ માંગે છે
પણ રહ્યા આપણે તો સાવ અભણ શું કરશું

ભૂલવા નામ ગયા જેનું અમે જંગલમાં
ઝાડ ને પાન કરે તેનું સ્મરણ શું કરશું

કયાંય ચાલી ન શકયો આપણો જાુઠ્ઠો સિક્કો
જ્યાં ગયા ત્યાં બધેબધ એનું ચલણ શું કરશું

લોભની ડાકણો વળગી છે મનની કીડીને
કણ મળે તે છતાં માંગે છે એ મણ શું કરશું

છે આ નાહકની બધી દોડ 'મહેક' તેમ છતાં
મન હજી આપણું પ્યાસું છે હરણ શું કરશું

## જાણે કે ફૂગ્ગો ફૂલેલો!

આ કૂજો છે કાણો, ભલે છે ભરેલો
આ શ્વાસો તો જાણે છે પાણીનો રેલો

આ વિચ્છિન્નતા, ખાલીપો, આ અજંપો
જીવન છે કે છે કોઈ મેળો ઉલેલો

હવા એટલી તો ભરી છે હુંપદની
આ માણસ તો જાણે કે ફૂગ્ગો ફૂલેલો

છે ભીતરમાં તો સાવ ખાલી બિચારો
ઉપરથી જ લાગે ભરેલો ભરેલો

મુકદ્દરમાં ઠોકર નહીં તો બીજું શું
હતો આદમી તો ભણેલો ગણેલો

પવન સાથ ઊડી ગઈ પાઘડીઓ
રહ્યો ડાયરો ના કસુંબલ કે ડેલો

'મહેક' આજતક ભીડમાં ભેળવાયા
ચલો છોડી જઈએ હવે આ ઝમેલો

## હે મનવા!

રાત પડે ને કીડીઓની આ ચટક ચટક હે મનવા
સમજ પડે શું થાય છે અંદર ખટક ખટક હે મનવા

કેમ ઉજાડી દીધું, મૂકયું કેમ સદનને સૂનું
ઘરને ખૂણે ખૂણે જાળાં લટક લટક હે મનવા

એકલ દોકલ જોઇ શિકારી કૂતરા પાછળ પડશે
છોડી દે સત્સંગ વિનાની ભટક ભટક હે મનવા

પાપોના કાળા ધબ્બા એ ધીરે ધીરે ધોશે
આંખથી ઊનાં અશ્રુની આ ટપક ટપક હે મનવા

સાંજ ઢળી ગઇ બેસી જાઓ કો વડલાને છાંયે
યાદોને મમળાવે રાખો મટક મટક હે મનવા

સાવધ રહેજે, ઓચિંતું એ આવી ઊભું રહેશે
મૃત્યુની તો અણદીઠી છે લપક લપક હે મનવા

## આજનો માણસ...

હોય દરિયો કે પછી રણ, તું જ વિસ્તર્યા કરે
કણ હો કે હો મણ, બધામાં તું જ દેખાયા કરે

રાસ આવી ગઇ અમોને ઓલિયાની મ્હેફિલો
એમને ત્યાં તો કસુંબો રોજ ઘોળાયા કરે

એક તરફ તો વીરડી સુક્કાઇને રણ થઇ ગઇ
ને હરણની આંખમાં દરિયાઓ છલકાયા કરે

બ્હાર વસતીમાં જો એ ખોવાય, શોધી લાવીએ
મન અમારું નિજમાં તનહાઇમાં ખોવાયા કરે

મોજ, મસ્તી, મહેફિલો ભૂતકાળની વાતો બની
તોય રૂમઝૂમ ઝાંઝરો કાનોમાં અથડાયા કરે

હોય અંધારૂં તો દીવો લઇ નીકળીએ શોધવા
આજનો માણસ તો અજવાળામાં અટવાયા કરે

કયાં હવે પ્હેલાંના જેવા માણસો રહ્યા 'મહેક'
એમની યાદો હજીયે મનમાં સચવાયા કરે

## કેટલી ભારે ભીડ જામી છે!

ડોકિયું તો કરી જો ભીતરમાં, કેટલી ભારે ભીડ જામી છે
બ્હાર કરતાં વિશેષ અંતરમાં, કેટલી ભારે ભીડ જામી છે

કોણ ક્હે છે કે એકલો છે તું, કોણે કહ્યું કે છે અહીં એકાંત
જેને સમજે તું ખાલી એ ઘરમાં, કેટલી ભારે ભીડ જામી છે

એકધારી છે એમાં કૂદાકૂદ રંગબેરંગી માછલીઓની
મનના આ છીછરા સરોવરમાં કેટલી ભારે ભીડ જામી છે

ભાવતું કંઈક હાથ લાગ્યું છે એટલે લાગી છે જુઓ લંગાર
એક નાનકડા કીડીના દરમાં કેટલી ભારે ભીડ જામી છે

જિંદગીભર કણસતા રહ્યા તો આંગણે કોઈ પણ ન દેખાયું
શ્વાસ પૂરા થતાં જ પલભરમાં કેટલી ભારે ભીડ જામી છે

## જીભ અટકી છતાં...

નફસના સેંકડો છે ધોખા પણ
મન છે કરતું રહે છે તોબા પણ

થાય થપ થપ તો રૂમી નાચી ઊઠે
નાચે સુણી ભજન કબીરા પણ

પ્રેમનો જે ઘડી ઝિકર ચાલે
નાચે પ્યાલી મહીં મદિરા પણ

જીભ અટકી છતાં ઝિકર ચાલુ
અલ્લા અલ્લા કરે છે મણકા પણ

તારા કદમોની કેફિયત જુદી
દેખ નાચી રહ્યા છે રસ્તા પણ

ઝેર આપો તો ઝેર પી લેશે
પ્રેમ દીવાની છે આ લયલા પણ

તોય મારગ નહીં મૂકે મજનૂ
લોક મારે ભલેને પથરા પણ

હાથમાં આપી દો કિરતાલ 'મહેક'
તાનમાં લાગે નરસિંહ મ્હેતા પણ

## તે ગલીના રહી!

દિલ મહીં કો’ ખુશી કે ગમી ના રહી
જીવવા જેવી આ જિંદગી ના રહી

શું કરું આ વસંતોને હું શું કરું
ફૂલમાં રંગ-બૂ તાજગી ના રહી

કોણ કરશે હવે દૂર અંધારને
દીપકો તો જલે, રોશની ના રહી

જ્યારથી ચ્હેરો ખુલ્લો થયો આપનો
ચાંદ પણ ના રહ્યો, ચાંદની ના રહી

ભવ્ય મસ્જિદ ને ઊંચા મિનારા બધે
સાચી જેને કહો બંદગી ના રહી

તોબા તોબા ફકત જીભ પર રહી ગયું
આંસુભીની કોઇ આંખડી ના રહી

ગામ ચારે તરફ વિસ્તરી તો ગયું
જ્યાં રમ્યા આપણે તે ગલી ના રહી

દાયકા એકમાં શું નું શું થઇ ગયું
છાપરી ના રહી, મોંઘલી* ના રહી

કેટલી ગૂંચ એમાં પડી ગઇ જુઓ
આ સબંધો મહીં સાદગી ના રહી

આપણે જેમની ખૂબ રાખી ‘મહેક’
તેમને આપણી લાગણી ના રહી

** ગામને છેડે ઘટાદાર લીમડાના શીતળ છાંયડા નીચે છાપરીમાં રહેતી હતી તે મારાજ ગામની એક પ્રેમદીવાની ભીલડી*

## ડોલરના દેશમાં...

મંજુ દુ:ખી દુ:ખી અને મનહર દુ:ખી દુ:ખી
ડૉલરના દેશમાં છે સિકંદર દુ:ખી દુ:ખી

આવીને તરત જેમને બોલાવ્યાં હોંશથી
તે ભાઇ છે દુ:ખી ને તે સિસ્ટર દુ:ખી દુ:ખી

તનથી નજીક, મનથી ઘણાં દૂર થઇ ગયાં
ઘરમાં મધર દુ:ખી છે ને ફાધર દુ:ખી દુ:ખી

એવાં રિસામણાં છે ને એવાં મનામણાં
છે સાસરી દુ:ખી ને છે પિયર દુ:ખી દુ:ખી

સંબંધની દીવાલમાં એવી પડી તિરાડ
પિદર છે ત્યાં દુ:ખી અહીં દુખ્તર દુ:ખી દુ:ખી

આજે છે શાદી આવતી કાલે તલાક છે
છે ડારલીંગ દુ:ખી ને છે ડિયર દુ:ખી દુ:ખી

આવી હતી હસીના ઉમંગો લઈ અનેક
ભીંજવે છે આંસુઓથી એ બિસ્તર દુ:ખી દુ:ખી

પ્હોંચ્યા તરસ્યા લોક જો પાણીની પાસ તો
જોયું તો ખુદ છે પ્યાસો સમંદર દુ:ખી દુ:ખી

લાગે છે બ્હારથી બધું સુખમય અહીં 'મહેક'
જો ડોકિયું કરો તો છે અંદર દુ:ખી દુ:ખી

## ખાલી થઈ ગયા!

લોક તો ક્હે છે મવાલી થઈ ગયા
એમના દરના સવાલી થઈ ગયા

તારી વાતો અમને સમજાવી ગયા
રૂમી, સા'દી ને ગઝાલી થઈ ગયા

યાદમાં તારી બધું ભૂલી ગયા
છેક ધૂની, બેખયાલી થઈ ગયા

માસ્તર, મ્હેતા ને માલિક પણ થયા
પૂછડું પકડી પખાલી થઈ ગયા

ઠોકરો ખાધી ઘણી આ રાહમાં
ઊભા એનો હાથ ઝાલી થઈ ગયા

હાથમાં અંગાર લઈ ફરતા રહ્યા
જ્યાં મળ્યો મોકો, મશાલી થઈ ગયા

બ્હાર કાઢી પાંચ પંદરને 'મહેક'
આપણે અંદરથી ખાલી થઈ ગયા

## તે ગામ શોધું છું...

તે ઠાઠમાઠ, તે મસ્તી, દમામ શોધું છું
તે ડાયરો, તે ડહેલો, તે ગામ શોધું છું

અજબનો કેફ, ગજબની હતી એ મ્હેફિલો
ભલે હો ખાલી, હું દરબારી જામ શોધું છું

સમયની રેતમાં ખોવાયાં છે ઘણાં નામો
જડે તો એક ફકત તારૂં નામ શોધું છું

છે મારું ધ્યાન જુદું, તપ જુદું ને જપ જુદો
જુદા છે રામ પણ મારા તે રામ શોધું છું

મળે તો સા'દી કે રૂમી સમા કો સંત મળે
અબુ હનીફના જેવા ઈમામ શોધું છું

જે આવી નાચતી દાદાની વારતાઓમાં
હું આંખ મીંચી તે પરીઓનાં ધામ શોધું છું

તે કંકરી, તે ગગરિયા, કૂવાનો તે કાંઠો
તે બંસરી, હું તે રાધા, તે શ્યામ શોધું છું

શુકન છે સારા 'મહેક' કંઈ નવુંજ અવતરશે
કલમ છે હાથમાં, તાજા કલામ શોધું છું

## કાંટા થઈને...

નામ જે હોઠથી રેલાય છે શ્રદ્ધા થઈને
એજ ચમકે છે હૃદયમાં પછી દીવા થઈને

કોઈ લણનારીના ગીતોના લહેકા થઈને
દર્દ સચવાઇ ગયું સીમમાં ટૌકા થઈને

ગુંજ ખંડેરમાં દિલના હવે પડઘા થઈને
આવ તું આવી શકે છે હજી સપનાં થઈને

ચૈત્રનો તાપ બની તેં જ તો સૂકવી નાંખ્યો
તું જ ભીંજવી દે હવે શ્રાવણી વર્ષા થઈને

ખોઈ બેઠા બધું લોકો તને ભૂલી જઈને
ને ફકીરો બધું પામી ગયા તારા થઈને

જેમને ફૂલની માફક અમે ઊંચકી રાખ્યા
એજ ડંખી ગયા અમને પછી કાંટા થઈને

એક પીંછું જે બન્યું મારા મુગટની શોભા
લોકના દિલ મહીં ભોંકાયું તે ઈર્ષ્યા થઈને

કોણ ઓળખતું હતું નગરીમાં તારી અમને
થઈ ગયા ખૂબ અમે જાણીતા અફવા થઈને

એ ન ભૂંસાય 'મહેક' લાખ કરો કોશિશ પણ
જખ્મ જે દિલમાં રહી જાય છે ડાઘા થઈને

## સમંદર મળશે...

થઈને અસવાર ચડી જા તો સિકંદર મળશે
ચીંથરેહાલ બની જા તો કલંદર મળશે

કેમ વ્યાકુળ તું બની દોડે છે ટીપાં પાછળ
પ્યાસને ખૂબ વધારી દે સમંદર મળશે

આપણાં ઝેર હવે આપણે પીવાં પડશે
એ નથી શકય એ પીવા કોઈ શંકર મળશે

પ્રેમની લઈને જે ફરતા હતા મશાલ કદી
એજ હાથો મહીં આજે તને ખંજર મળશે

એ સમયની નથી લપડાક તો છે બીજું શું
જ્યાં હતા મ્હેલ ત્યાં આજે તને કંકર મળશે

વિશ્વના કોઈ બજારોમાં ન મળશે તુજને
સુખનું મોતી કદી મળશે તો એ અંદર મળશે

પૂછ ના કેમ એ ઠોકર બની પડયા છે ‘મહેક’
રાહમાં એવા ઘણાંયે તને પથ્થર મળશે

## આંખો કયાં છે?

મનને ગમતી આંખો કયાં છે
હસતી, રમતી આંખો કયાં છે

મૂક બનીને જોયા કરતી
વાતો કરતી આંખો કયાં છે

ના જોવાનું જોઇ લે કયારે
પાછી વળતી આંખો કયાં છે

શર્મ હયાનું નામ હવે કયાં
નીચે નમતી આંખો કયાં છે

શોધમાં તારી ચારે બાજુ
વ્યાકુળ ભમતી આંખો કયાં છે

દિલમાં તારો ડર રાખીને
છાનું રડતી આંખો કયાં છે

શોધ! 'મહેક' ના મળશે તુજને
વ્હાલ વરસતી આંખો કયાં છે

## ઈશ્કની આગ...

એક ચિનગારી હથેળીમાં પ્રજળતી રાખો
ઈશ્કની આગ હૃદય માંહે સળગતી રાખો

અશ્રુભીની કે પછી સ્નેહ નીતરતી રાખો
આંખને એની પ્રતીક્ષામાં પલકતી રાખો

શોધમાં એની રઝળવાની મજા જુદી છે
પ્યાસને રણ મહીં કાયમની રઝળતી રાખો

ઝીલવી હોય જો તસ્વીર યારની એમાં
આરસી દિલની સદા સાફ ચળકતી રાખો

શક્ય છે ના મળે આવો પછી અવસર તમને
વ્હાલ વરસાવો ને પ્રિયાને પલળતી રાખો

બંધ થઈ જાય પછી છોને બધા મયખાના
પ્યાલીઓ મયની નયન માંથી છલકતી રાખો

રાખવું હોય ધબકતું જો 'મહેક' જીવનને
કોઈની યાદને દિલ માંહે ધબકતી રાખો

## ભીખ માંગો તો...

ગામ માંગો ને ગલી માંગો, યારની માંગો
ભીખ માંગો તો જમાનાથી પ્યારની માંગો

જેના ખૂલતાંજ ખુલી જાય બધાં દ્વાર તરત
ચાવી માંગો તો પછી એવા દ્વારની માંગો

તોબા કરનારને સાચે એ દોસ્ત રાખે છે
રાત એકાન્ત અને અશ્રુધારની માંગો

છે સમયનો એ તકાજો કે જાગતા ર્હીએ
ફૂલની સેજ નહીં, સેજ ખારની માંગો

આજ આ પાર તરી જાશું ગમે તેમ કરી
ખેર માંગો તો 'મહેક' પેલે પારની માંગો

## કોણ મ્હેકાવી શકે?

આ સફરમાં હોશિયારી કામ ના આવી શકે
પ્રેમમાં પાગલપણું રસ્તાઓ બતલાવી શકે

ધૂળ માથામાં અને આ ચીંથરેહાલી તો જો
કોણ જઈને તારા દીવાનાને સમજાવી શકે

કયાં છે એવા મરજીવા ડૂબીને જે તરતા રહે
બિંદુની ઓળખ કરાવી સિંધુ બતલાવી શકે

વાંસળીની જેમ ખાલી થઇ ગયા તો શું થયું
હોય છિદ્રો બંધ તો ના સૂર રેલાવી શકે

સંગમાં ખુશબોના તો એ બે ઘડી મ્હેકી ઊઠે
ફૂલ કાગળનું હો, કાયમ કોણ મ્હેકાવી શકે

ઘરના દરવાજા બધા ખુલ્લા મૂકયા તો શું થયું
દિલને દરવાજે હો તાળું, કોણ ત્યાં આવી શકે

ધૂળ એ રસ્તાની ઝીણી જેમણે કીધી 'મહેક'
એજ રસ્તો તમને એના ઘરનો બતલાવી શકે

## ક્યાં ક્યાં સુધી ગયા?

નીકળીને શ્હેરથી અમે સહરા સુધી ગયા
વસતીથી નીકળી પછી વગડા સુધી ગયા

નિજ માં જ ડૂબકી મારતે, એ ત્યાં મળી જતે
મોતીને શોધવા અમે દરિયા સુધી ગયા

નીકળી પડયા ઘરેથી લઈ શ્રદ્ધાની પોટલી
કાશી સુધી ગયા, કોઈ કાબા સુધી ગયા

તારી કૃપા તો વ્હેતી હતી ઘરને આંગણે
ને લોક એને પામવા ક્યાં ક્યાં સુધી ગયા

અજવાળું પામવા અમે તારા અવાજનું
ખીણોમાં, ખંડિયેરમાં પડઘા સુધી ગયા

ઉપડયા કદમ ન ત્યાંથી 'મહેક' જુદી વાત છે
નીકળી અમે તો ઘેરથી રસ્તા સુધી ગયા

## છાપરી ખોવાઈ ગઈ!

આપના સાન્નિધ્યની એકબે ઘડી ખોવાઈ ગઈ
મારે મન તો જાણે કે આખી સદી ખોવાઈ ગઈ

નયનમાં રમતી હતી તારી છબી ખોવાઈ ગઈ
મારી આંખોની તો સઘળી રોશની ખોવાઈ ગઈ

નિજની ઓળખ પામવા પાણીમાં પગ મૂકયો અને
જોતજોતામાં નમકની ઢીંગલી ખોવાઈ ગઈ

બોજ પીડાનો છતાં પણ જે સદા તરતી રહી
આજ આંધીમાં તે સુંદર માછલી ખોવાઈ ગઈ

થઈ ગયો છે ત્યારથી દેવાળિયો આ માનવી
જે હતી મોંઘી મતા તે લાગણી ખોવાઈ ગઈ

પૂછ ના પંખીની વિહ્‌વળતાનું કારણ તું મને
જેના પર માળો કર્યો તે ડાળખી ખોવાઈ ગઈ

મીણ થઈને ઓગળી ગઈ વેદનાના તાપમાં
મોત આવે તે પહેલાં જિંદગી ખોવાઈ ગઈ

'મોઘલી'* સાથે મુહોબત પણ દફન થઈ ગઈ 'મહેક'
લોક સમજે છે ફકત એક છાપરી ખોવાઈ ગઈ

** ગામને છેડે ઘટાદાર લીમડાના મીઠા છાયડા નીચે છાપરીમાં રહેતી હતી તે મારાજ ગામની એક પ્રેમદીવાની ભીલડી*

## તને અર્પણ કરું...

તારી યાદોમાં છે ગુમ તે મન તને અર્પણ કરૂં
લે હવે ખુશ થા કે તન, મન, ધન તને અર્પણ કરૂં

હા છું માલામાલ દર્દોગમથી એની ના નથી
મારી પાસે છે એ એકજ ધન તને અર્પણ કરૂં

આવ છોડી શ્હેરના ઘોંઘાટને અહીંયાં તું આવ
મોર ટૌકાઓ ભરેલું વન તને અર્પણ કરૂં

ખીલતી કળીઓનાં કંપન, ગીત પંખીનાં અને
ફૂલની ખુશબો, ભ્રમર ગુંજન તને અર્પણ કરૂં

મારા હોઠોમાં જ મજબૂરીને કારણ રહી ગયાં
વ્હાલભર્યાં તે બધાં ચુંબન તને અર્પણ કરૂં

મારા હાથોએ તને હું જે ન પ્હેરાવી શકયો
આજ હું તે કોડીલાં કંગન તને અર્પણ કરૂં

ધડકનો દિલની બધી તારે જ કારણ તો હતી
કેમ ના હું આખરી ધડકન તને અર્પણ કરૂં

રણ, નદી, પ્હાડો, સમંદર, બાગ, પુષ્પો ને 'મહેક'
મારી કવિતાનાં બધાં કલ્પન તને અર્પણ કરૂં

## લૂંટાયા લાખ વેળા પણ...

કદી તો માર્ગમાં વેરાયેલા કાંટા ઉઠાવીને
સખાવત કરવી'તી, કીધી અમે પથ્થર હટાવીને

અમે જુદી જ રીતે જિંદગી જીવ્યા તમારાથી
તમે મસ્તક ઉઠાવીને, અમે મસ્તક ઝુકાવીને

હસદના કંટકો ઉગ્યા હતા બંનેવ બાજુએ
ન પૂછો કઇ રીતે નીકળ્યા અમે પાલવ બચાવીને

લૂંટાયા લાખ વેળા પણ ચમનનો સાથ દીધો છે
પડી જ્યાં વીજ તે ડાળે ફરી માળો બનાવીને

સમજ હે ભોળા મન! એ તો જખમ પર છાંટશે મીઠું
નથી કંઇ ફાયદો દુનિયાને આ જખ્મો બતાવીને

નકામો સાત સમદર ખૂંદવા નીકળી પડયો છે તું
પ્રથમ નિજમાં તો શોધી જો જરા ડૂબકી લગાવીને

તમોને એમ કે આ આગિયા ચમકી ઊઠયા કયાંથી
હું બેઠો છું તમારી યાદના દીવા જલાવીને

'મહેક' આ માંડવે આવ્યા ફરિશ્તા મોતના લેવા
ખુશીથી સોંપી દો દુલ્હન, મેં રાખી છે સજાવીને

## માનવીનું ચિત્ર...

શું મળ્યું ત્યાગી તિમિરને, એજ સમજાતું નથી
એટલું અજવાળું છે કે કંઈજ દેખાતું નથી

એને આ બદલાતી મોસમથી કશી નિસ્બત નથી
ફૂલ તારી યાદનું ક્યારેય કરમાતું નથી

વાઘ દોરૂં કે વરૂ હિંસક કે જંગલી વાંદરો
કઇ રીતે માણસને ચિત્રું, ચિત્ર દોરાતું નથી

એ મહીં દેખાય છે એ તો મહોરાં છે બધાં
આયનાઓમાં ખરૂં મોઢું તો દેખાતું નથી

હો છલોછલ કો જળાશય તો એ જુદી વાત છે
પણ અહીં તો ઝાંઝવાનું નામ લેવાતું નથી

એટલે તૈયારી આગળથી કરી મૂકો 'મહેક'
મોતનું તેડું કદી પાછળ ધકેલાતું નથી

## મીઠું મીઠું બોલીએ...

એ પુરાવો માંગે છે તો લો પુરાવો આપીએ
આગમાં કૂદી કે શૂળીએ ચઢીને મ્હાલીએ

મન કહે ચાલો પહેલાં જેવું જીવન જીવીએ
આંબલી, વડ, પીપળે જઈને ઉમંગે ઝૂલીએ

યાદમાં કોની તરુવર આ બધાં ડોલી રહ્યાં
આપણે પણ એમની સાથે ઝિકરમાં ડોલીએ

હા, કદી થઈ જાય છે એ પણ વજનવાળો ઘણો
શબ્દને સમજી વિચારી તોલી તોલી બોલીએ

એ રીતે લઈ આવીએ મીઠાશ સંબંધો મહીં
બોલતાં પહેલાં શબદને મીઠા મધમાં બોળીએ

સાંભળ્યું છે આવે છે દુશ્મન 'મહેક'ને ભેટવા
દિલ ઉપર લાગ્યાં છે જે તાળાં બધાં તે ખોલીએ

## અહીં મુકામ ન કર!

બગલમાં છૂરી ને મુખમાં તું રામ રામ ન કર
હે ભક્ત એ રીતે ભક્તિને તું બદનામ ન કર

ફરી ન ઉપડે કદમ જ્યાંથી મંઝિલોની તરફ
કદી તું એવા ઉતારા મહીં વિરામ ન કર

પડે તિરાડ જો સંબંધની દીવાલ મહીં
કદી પૂરાય ના એવું તું કોઇ કામ ન કર

ઘડી કે બે ઘડી તું પણ ચડી લે ચકડોળે
ઉલી જશે, છે આ મેળો, અહીં મુકામ ન કર

હૃદયમાં યાદ ને હોઠો પર એનું નામ ન હો
'મહેક' એવી તું એકેય સુબ્હશામ ન કર

## જખ્મોની મીનાકારી છે...

જખ્મોની મીનાકારી છે કોને બતાવીએ
કારીગરી છે યારની કોને જણાવીએ

સંબંધના સૂકાય ગયા છે સમંદરો
અસ્તિત્વમાં ભીનાશ પછી કયાંથી લાવીએ

હોમાઇ ગઇ વસ્તી બધી નફરતની આગમાં
બચ્યું છે શાને? આપણું ઘર પણ જલાવીએ

આવે છે કોણ લૂંટવા એ જોઇએ જરા
આજે તો ગમનો આખ્ખો ખજાનો લૂંટાવીએ

બીજું કશું નહીં તો છે યાદો તો એમની
યાદોનો ધામધૂમથી ઉત્સવ મનાવીએ

આપે કટોરા ઝેરના દુનિયાની રીત છે
મીરાંની જેમ આપણે પણ ગટગટાવીએ

લાગે છે તેડું મોતનું આવી રહ્યું 'મહેક'
જૂનું ભલે છે આજ તો દેવળ સજાવીએ

## હું છું ને તું છે...

નથી નામ કે ઠામ, હું છું ને તું છે
થયો હું તો ગુમનામ, હું છું ને તું છે

સમય પણ જુઓ કેવો થંભી ગયો છે
નથી સુબ્હ કે શામ, હું છું ને તું છે

તને હું ગમે તે કહીને પુકારું
કહું રામ કે શ્યામ, હું છું ને તું છે

ન છે ભાન ખુદનું કે બીજા કશાનું
નથી યાદ પણ નામ, હું છું ને તું છે

મળ્યો છે મિલનનો આ મોકો મજાનો
જે હો દઈ દે પયગામ, હું છું ને તું છે

કહેવું જે હો તે ભલે લોક ક્હેતા
ભલે થાઉં બદનામ, હું છું ને તું છે

તને હું નિહાળું, મને તું નિહાળે
હવે બીજું શું કામ, હું છું ને તું છે

છતાં પણ નશામાં હું ડૂબી રહ્યો છું
ભલે ખાલી છે જામ, હું છું ને તું છે

થયો અંતે રઝળાટ પૂરો જીવનનો
પહોંચ્યો છું નિજ ધામ, હું છું ને તું છે

અહીંથી હવે ક્યાંય જાવું નથી કે
છે અંતિમ આ વિશ્રામ, હું છું ને તું છે

ખરૂં ચેન આજે જ પડ્યું છે દિલને
'મહેક'ને છે આરામ, હું છું ને તું છે

## ઝેરનું મારણ દઈ જા!

ત્યાગ, વૈરાગનું દરવેશી પહેરણ દઈ જા
ઝેર દુનિયાનું ચઢયું છે મને મારણ દઈ જા

હા, હવે બ્હાર નીકળવું છે આ ભ્રમણાઓથી
હોય ના મૃગજળો એવું તું મને રણ દઈ જા

એ પછી કોઈ નશાની ન જરૂરત પડશે
તારી મસ્તીની મને એક કે બે ક્ષણ દઈ જા

સ્મિત ચ્હેરાનું કદી જેના નથી કરમાતું
ફૂલ તું રાખ, હે માળી મને માલણ દઈ જા

આમ તો રોજ તું કારણ વિના રિસાવે છે
આજ કંઈ હોય જો કારણ તો એ કારણ દઈ જા

તું ન આવે તો ભલે વાયદો તો આપી જા
આશ લઈ બેસી રહું એટલી ધારણ દઈ જા

દૂર થઈ જાય આ દૃષ્ટિની બધી મર્યાદા
તેં જે આંજ્યું છે 'મહેક'ને ય તે આંજણ દઈ જા

## મજા આવે છે...

તુજ ગલીમાંથી ગુજરવાની મજા આવે છે
દિલને મારા તો ધડકવાની મજા આવે છે

કઇ રીતે યાદને તારી હું ભૂલાવી દઉં કે
યાદમાં તારી તો જીવવાની મજા આવે છે

દોસ્ત! રહેવા દે ન કર જખ્મ પર મરહમપટ્ટી
હોય જખ્મો તો તડપવાની મજા આવે છે

આજ ના જોઇએ છત્રીનું અમારે રક્ષણ
એ છે સાથે ને પલળવાની મજા આવે છે

હું તો કાશીમાં મળું ને મળું કાબામાં પણ
હું તો રખડુ છું, રઝળવાની મજા આવે છે

છે કરી દેવી ‘મહેક’ અળગી આ દુનિયાને પણ
એને વળગીને રહેવાની મજા આવે છે

## જિંદગીની ચાર ઘડી...

જિંદગીની ચાર ઘડી, એ રીતે જીવી લઈશું
બે ઘડી હસી લઈશું, બે ઘડી રડી લઈશું

બે દિવસ તમન્નામાં, બાકી બે પ્રતીક્ષામાં
બાદશા ઝફર માફક, આહ પણ ભરી લઈશું

નફરતોની નગરીમાં, પ્રેમ ગીત ગાવું છે
ભરબજારે મજનૂ થઈ, તું જ તું કરી લઈશું

બોજ વાસ્તવિકતાનો, થઈ જશે અસહ્ય જ્યારે
આંખ બે ઘડી મીંચી, સ્વપ્નમાં સરી લઈશું

હો કિનારા પર આંધી, કે પછી હો મઝધારે
નામ આપનું લઈને, સાગરો તરી લઈશું

નામ ઠામ ના પૂછો, ઓળખી તમે લેશો
મ્હેફિલે 'મહેક' થઈને, જ્યારે મઘમઘી લઈશું

## દરિયાથી દિલ્લગી છે તો...

દરિયાથી દિલ્લગી છે તો દિલને ડુબાડશું
મોતી મળે કે ના મળે ડૂબકી લગાવશું

છે ઘરની ઈંટ ઈંટ ઉપર આપની કૃપા
કયાં કયાં તમારા નામની તકતી લગાડશું

દર્પણની સામે આવીને ઊભા રહી ગયા
કઈ રીતે આપણે હવે ચ્હેરો છૂપાવશું

છે ભલભલાના કાંડા અહીં તો કપાયેલાં
ઝાલીને કોની આંગળી મેળામાં મ્હાલશું

આ મોત મોત કયાં છે કે માતમ મનાવીએ
એના મિલનની તક મળી, ખુશીઓ મનાવશું

સંબંધ મૃગજળોથી હવે ના રહ્યો 'મહેક'
ઝાકળ જમા કરી હવે હોઠો ભીંજાવશું

*આ ગઝલને ગઝલગાયકો રિષભ મહેતા અને ગાયત્રી ભટ્ટનો કંઠ મળ્યો છે અને તેમની "અદબ" નામની ઑડિઓ કસેટમાં સ્થાન મળ્યું છે જે મારા માટે આનંદની વાત છે.*

## મયકદાને છોડી દે!

કયાં કહું છું બધાને છોડી દે
આ તથાને, તમાને છોડી દે

કાન ફૂટયા સુણી સુણી જેને
વાયજોને, કથાને છોડી દે

દિલને શણગાર સદ્‌ગુણોથી તું
તસબી, તિલક, જટાને છોડી દે

પ્રેમના ઢાઈ અક્ષરોને પઢ
પોથી, પંડિત, પ્રથાને છોડી દે

પ્રેમના રોગનો ઈલાજ નથી
દાક્તરોને, દવાને છોડી દે

મુફલિસીનો ય તો અનુભવ કર
માલ-મિલ્કત, મતાને છોડી દે

આંખથી ટપકે જે સુરા તે પી
સાકીને, મયકદાને છોડી દે

હાથ મોજાંઓનો તું પકડી લે
નાવને, નાખુદાને છોડી દે

એમને જે ગમે તે વ્હાલું કર
નિજ ગમા અણગમાને છોડી દે

વાત માની લે દિલની આજ 'મહેક'
તર્કને, શું ને શા ને છોડી દે

## આઝાદીના પચાસમા વર્ષે... (નઝમ)

રડે રોજ આઝાદ, નેહરૂ રડે છે
દશા દેશની જોઇ બાપુ રડે છે

થયા દાયકા પાંચ, ઉત્સવ મનાવો
તમે દેશ માટે શું કર્યું, જણાવો
ગુલામીની જંજીર પૂછી રહી છે
મને તોડીને શું મળ્યું, તે બતાવો

હજી છાવણી સૈનિકોની પડી છે
હજી તારની ઊંચી વાડો જડી છે
હજી સરહદો પર ફૂટે તોપગોળા
હજી નફરતોની દીવાલો ખડી છે

હજી ઊંચ ને નીંચના ભેદભાવો
હજી હિન્દુ મુસ્લિમના કોમી તનાવો
હતી બદ તે હાલત તો બદતર થઇ છે
હજી મારો, કાપો, ને લૂંટો, જલાવો

છે આંખોમાં નફરત ને હાથોમાં ખંજર
ન વિશ્વાસ છે કોઇને કોઇના પર
દિલોમાં હવે ના રહમ કે દયા છે
નથી દિલ રહ્યાં થઇ ગયાં છે એ પથ્થર

અહીં બાબરી રામને નામે તૂટે
પણે ધર્મને નામે મંદિરને લૂંટે
અહીં નિજના ઘરમાં ય લોકો ડરે છે
પણે મસ્જિદોમાં ય ગોળીઓ છૂટે

- ૨ -

પણે ભાઇ થી ભાઇને દુશ્મનાવટ
અહીં દેશવાસીમાં ખુલ્લી અદાવત
પરસ્પર ન આદર છે, ના ભાઇચારો
કરે જુલ્મ કોઇ, તો કોઇ બગાવત

પ્રધાનોમાં છે જે વડા, ભ્રષ્ટાચારી
બગાડી છે હાલત તમારી અમારી
વિચારે છે વલ્લભ થશે દેશનું શું
ગુનેગાર નેતા ને જનતા બિચારી

અહીં રોજ દિલ્હીનું આસન ડગે છે
અહીં એક નવી રોજ અફવા ચગે છે
ઉચાપટ, કરોડોનાં કૌભાંડ છે જયાં
પ્રધાનોના મ્હેલો જુઓ ઝગમગે છે

ન ખાવાને રોટી, ન રે'વાને ઘર છે
ઊઘાડાં છે અંગો, ને ભૂખ્યાં જઠર છે
અહીં ઝેર ઓકે બધે કારખાનાં
અહીં ગામ ગંદાં, ને ગંદાં નગર છે

તમે ઘી પીધું ખૂબ દેવું કરીને
તમે રાજ કીધું છે ખિસ્સાં ભરીને
ધરમનો કરી ઢોંગ ખુરશીએ બેઠા
કદી પણ ન ચાલ્યા ખુદાથી ડરીને

હવે રાજ નાગા નઠારા કરે છે
હવે સાચ ડૂબે અને જૂઠ તરે છે
તિરંગો નહીં પણ ધરમની ધજાઓ
હવે હાથમાં લઇને લોકો ફરે છે

- ૩ -

અહીં તો નવા રોજ જન્મે છે હિટલર
જે લઈને ફરે છે વિચારો ભયંકર
ભટકતા રહો શોધમાં મંઝિલોની
જે ગુમરાહ છે તે બની બેઠા રેહબર

ગુલામી ગઈ પણ ગુલામો છે બાકી
કલેકટર, મિનિસ્ટરનાં નામો છે બાકી
નવા સા'બ છે, સાહ્યબી પણ નવી છે
નમસ્કાર બાકી, સલામો છે બાકી

રહી આ દશા તો થશે દેશનું શું?
તમે રોજ બદલો છો તે વેશનું શું?
ન મસ્જિદ રહેશે, ન રે'શે જો મંદિર
થશે સંતનું શું? ને દરવેશનું શું?

નિહાળીને બદહાલી બાપુ રડે છે
રડે રોજ આઝાદ, નેહરૂ રડે છે

## વિચારૂં છું માણસને શું થઈ ગયું છે! (નઝમ)

વિચારૂં છું માણસને શું થઈ ગયું છે!

આ મુડદાંનાં મેલાં કફન જેવો માણસ
કો બાળકના ભૂતિયા સપન જેવો માણસ
છે આંખોમાં એની તો કાતિલની ખુન્નસ
આ લાવાથી ઝરતી અગન જેવો માણસ

આ માણસ ઉકળતો ચરુ થઈ ગયો છે
એ શેતાન બેઆબરૂ થઈ ગયો છે
ભરી છે ભીતરમાં ભયંકર પશુતા
આ માણસ તો હિંસક વરુ થઈ ગયો છે

આ માણસના દિલમાં રહમ ના રહી છે
આ માણસમાં સૂહેજે શરમ ના રહી છે
એ બોલે તો નફરતના અંગાર વરસે
હવે એની વાણી નરમ ના રહી છે

એ ચાહે ત્યાં કબજો જમાવી શકે છે
એ ઘર પારકાનું પડાવી શકે છે
નથી નીતિ જેવું, ન છે ન્યાય જેવું
એ બે ભાઈને પણ લડાવી શકે છે

ઘમંડી નશામાં એ સત્તાના ડોલે
હવે એ નહીં એની બંદૂક બોલે
ડરાવીને, ધમકાવીને નિર્બળોને
હવે તોપગોળાથી એ ન્યાય તોલે

- ૨ -

એ મસ્જિદને તોડી મિટાવીને હરખે
એ મંદિરને લૂંટી જલાવીને હરખે
એ નિર્દોષને જીવતાં બાળી કાપી
એ ઈન્સાનિયતને લજાવીને હરખે

કપાયેલ માનવના અંગો રડે છે
ને ઉતરેલ ચહેરાના રંગો રડે છે
રડે આશ અરમાન ને આરજૂઓ
ને લોહી નીગળતા ઉમંગો રડે છે

રડે ભાઈ એની તો બ્હેનો કપાઈ
રડે બ્હેન, એની તો ઈજ્જત લૂંટાઈ
રડીને પૂછે મા કે મુન્ની ગઈ કયાં
હતી ખૂબ વ્હાલી તે પણ ગઈ વીંધાઈ

હતું ઘર તે આંખોની સામે બળે છે
નજર સામે સંબંધીઓ ટળવળે છે
ઝઈફો અપંગો પૂરાયાં જે ઘરમાં
બૂમાબૂમ કરે, કોઈ ના સાંભળે છે

એ શોધે છે પોતાનું ઘર, ના જડે છે
વિખેરાયાં એવાં, ખબર ના મળે છે
છે વિધવાની આંખોમાં ચોધાર આંસુ
પૂછે પણ ધણીની કબર ના જડે છે

છે ઠોકરમાં ગીતા ને કુરઆન રઝળે
કિતાબોમાં લખ્યાં તે ફરમાન રઝળે
ખુદાયા! આ કેવી કસોટી અમારી
છે જે શ્રેષ્ઠ સર્જન તે ઈન્સાન રઝળે

- ૩ -

અહીં માખીઓ જેમ માણસ મરે છે
હવે શ્વાસ લેતાંય લોકો ડરે છે
કોઇ પેટ પર બાંધી બેઠું છે પથ્થર
અને લૂંટથી પેટ કોઇ ભરે છે!

છે સંભળાય આહો નિસાસા બધેબધ
છે પથરાઈ ચોગમ નિરાશા બધેબધ
ન વિશ્વાસ છે કોઇને કોઇના પર
છવાઈ દિલોમાં હતાશા બધેબધ

કબર આંસુઓથી ભીંજાવી શકું છું
હું બેચાર ફૂલો ચઢાવી શકું છું
ન આપી શકું આપને કંઇ બીજાું હું
દુઆ કાજ હાથો ઉઠાવી શકું છું

આ માણસના દિલમાં રહમ તું ભરી દે
આ માણસને ઉમદા ફરી તું કરી દે
પરસ્પર દે આદર અને ભાઇબંધી
જે ખોવાયો વિશ્વાસ તે તું ફરી દે

આ માણસના દિલમાં રહમ તું ભરી દે
આ માણસના દિલમાં રહમ તું ભરી દે
આ માણસના દિલમાં...

## હું ઈદ મનાવું શી રીતે? (નઝમ)

*આનંદ ને ઉત્સવનું કોઈ, હું ગીત સુણાવું શી રીતે*
*ઉમ્મતનાં દુ:ખો ભૂલી જઈને, હું ઈદ મનાવું શી રીતે*

જ્યાં આંખ ઉઠાવી જોઉં છું, દેખાય છે નિર્બળ કાયાઓ
કમજોર અને ઝાંખીપાંખી, મજલૂમની ડરતી છાયાઓ
હર એક વદન પર ગમગીની, ચિંતાઓની ઘેરી રેખાઓ
નિસ્તેજ નિગાહોમાં વસતી, દુનિયાભરની વ્યાકુળતાઓ

*હું એમના ચ્હેરાઓ પરથી, ગમગીની હટાવું શી રીતે*
*ઉમ્મતનાં દુ:ખો ભૂલી જઈને, હું ઈદ મનાવું શી રીતે*

હું જ્યાં પણ કાન ધરૂં છું ત્યાં, સંભળાય છે આહો, નિશ્વાસો
કંઈ ભગ્ન હૃદયના ધબકારા, કંઈ દર્દમાં ડૂબેલા શ્વાસો
કંઈ પ્યાસી, પ્યાસી છે રૂહો, કંઈ સૂની સૂની છે આંખો
કંઈ માનવ પંખી એવાં છે, જેની છે કપાયેલી પાંખો

*એ પંખ વિહોણા પંખીને, આકાશ બતાવું શી રીતે*
*ઉમ્મતનાં દુ:ખો ભૂલી જઈને હું ઈદ મનાવું શી રીતે*

નિત બોંબધડાકાઓ વચ્ચે, બગદાદી બુઢાપો જાગે છે
અફઘાન મુજાહિદની બેવા, ચૂપચાપ દુઆઓ માંગે છે
ચેચન ને ફલસ્તીની બાળક, તંબુઓમાં ચાદર તાણે છે
લૂંટાય ન ઈજ્જત એ ડરથી, કશ્મીરની બ્હેનો કાંપે છે

*ચોમેર તબાહીનું આલમ, મ્હેફિલ હું સજાવું શી રીતે*
*ઉમ્મતનાં દુ:ખો ભૂલી જઈને હું ઈદ મનાવું શી રીતે*

ગંધાય છે લાવારિશ લાશો, રઝળે છે બધે માનવ અંગો
લોહીના ફુવારા છૂટે છે, તડપે છે અધૂરા ઉમંગો
ભયભીત કરો, મારો, કાપો, તલવારને લોહીથી રંગો
માનવ છે થયો દાનવ તેથી, છે રોજ જિહાદો ને જંગો

*આ પંથ ભૂલેલા રાહીને, રસ્તો હું બતાવું શી રીતે*
*ઉમ્મતનાં દુ:ખો ભૂલી જઈને હું ઈદ મનાવું શી રીતે*

# મિત્રો-મુરબ્બીઓની કલમે...

અહીં બ્રિટનમાં ગુજરાત, ભારતથી પાંચેક હજાર માઈલ દૂર ગુજરાતી ગઝલને પા પા પગલીથી માંડી પછી આંગળી પકડીને ચાલતી કરનારા ગઝલકારોમાં 'મહેક' ટંકારવી સૌથી અગ્રસ્થાને છે. ભાઈ 'મહેક'ના મૃદુ સ્વભાવના પ્રતિબિંબ સમાન એમની ગઝલ પણ કોમળ અને મુલાયમ હોવા સાથે ભાવવાહી અને દર્દથી ભરપૂર હોય છે. જીવનમાં કશાનો અભાવ, કશી ઉણપ, અને તેને પ્રાપ્ત કરવાની ઝંખના "પ્યાસ" તરીકે... અને તરસ તીવ્ર સ્વરૂપ ધારણ કરે ત્યારે "તલાશ" તરીકે તેમની ગઝલોમાં અભિવ્યક્ત થાય છે. "તલાશ" પછીની નવીન રચનાઓમાં ભાઈ 'મહેક' આત્મા અને પરમાત્માની વાતો કરતાં ઈશ્કે ઈલાહીમાં ડૂબી ગયેલા ભૂતકાળના મહાન સૂફીસંતોને યાદ કરે છે:

*મળે તો સાદી કે રૂમી સમા કો સંત મળે*
*હજુ હનીફના જેવા ઈમામ શોધું છું*

અને આત્મશુદ્ધિની પ્રક્રિયામાં:

*બ્હાર કાઢી પાંચ પંદરને 'મહેક'*
*આપણે અંદરથી ખાલી થઈ ગયા*

આવા સૂફી રહસ્યોમાં ઘૂંટાયેલા શેરો ભાઈ 'મહેક'ની તાજેતરની ગઝલોમાં જોઈ શકાય છે જે તલાશ પછી તૃપ્તિ માટેની એમની મથામણના સીમાચિહ્ન સમાન છે.

***□ કદમ ટંકારવી***

બર્મિંગ્હમના મુશાયરાની યાદ, 'મહેક' કાયમ સ્મરણમાં રહેશે. તે દિવસે તમે ગઝલ ફોર્મમાં હતા અને એકથી એક ચઢિયાતી ગઝલો સુંદર તરન્નુમથી રજુ કરી સૌનું મન મોહી લીધું હતું. મને તે દિવસે શૂન્યભાઈની યાદ આવેલી. એ રાત કદી ભૂલાશે નહીં.

***□ મસ્ત મંગેરા***

*ગઝલ ગુલશનની આબાદ 'મહેક' છો*
*અનેક તારાની વચ્ચે મહેતાબ એક છો*

★ ★ ★

*ભલે કહું હું હળવેકથી*
*ઝમાનો મઘમઘે છે તમારી 'મહેક'થી*

***□ પંકજ વોરા***

પ્રવાસ દરમિયાન આપને તથા સર્વ મિત્રોને મળીને ખૂબ આનંદ થયો. આપની સાથે સવિશેષરૂપે વધુ નિરાંતે ન મળી શકાયાનો વસવસો રહી ગયો. ખૈર ફિર કભી.

***□ આદિલ મન્સૂરી***